અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧૧ | અંક : ૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પીએમ મોદીના જન્મદિવસ પર બિહારને ભેટ

# બિહારમાં નવી વંદે ભારત અને અમૃત ભારત એક્સપ્રેસ સહિત ૪ નવી ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે

## આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે. દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે

। (એજન્સી) બિહાર, તા.૧૬ ।

ચૂંટણી વર્ષમાં કેન્દ્ર સરકાર બિહાર પર મહેરબાન છે. રેલ કનેક્ટિવિટી અને યાત્રીઓની સુવિધામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. આ ક્રમમાં, બિહારથી ૧૭ સપ્ટેમ્બરથી ચાર નવી ટ્રેનો શરૂ થઈ રહી છે. તેમાં જોગબની-દાનાપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ, સહરસા-ચેહરતા (અમૃતસર) વચ્ચેની અમૃત ભારત એક્સપ્રેસ, જોગબની-ઈરોડ અમૃત ભારત એક્સપ્રેસ અને કટિહાર-સિલીગુડી એક્સપ્રેસનો સમાવેશ થાય છે. દાનાપુર અને જોગબની વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે. દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે. ટ્રેન નંબર ૨૬૩૦૨ – દાનાપુર-જોગબની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી દાનાપુરથી સાંજે ૫:૧૦ વાગે ઉપડીને આ સ્ટેશન પર હાજીપુર – ૬:૦૫ વાગે, મુઝફ્ફરપુર – ૬:૫૦ વાગે, સમસ્તીપુર – ૭:૪૩ વાગે, હસનપુર રોડ – ૮:૨૩ વાગે, સલૌના – ૮:૩૮ વાગે, ખગડિયા – ૯:૦૦ વાગે, સહરસા – ૯:૫૫ વાગે, દૌરમ મધેપુરા – ૧૦:૨૩ વાગે, બનમનખી – ૧૧:૦૦ વાગે, પૂર્ણિયા – ૧૧:૪૦ વાગે, અરરિયા કોર્ટ – રાત્રે ૧૨:૧૮ વાગે, ફોર્બિસગંજ – ૧૨:૪૮ વાગે, જોગબની – રાત્રે ૧:૨૦ વાગે પહોંચશે.



### ૧૭ રે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ પણ છે

આ ૮ કોચની વંદે ભારત ટ્રેન કુલ ૪૫૩ કિમીનું અંતર લગભગ ૮ કલાક ૧૦ મિનિટમાં પૂરુ કરશે. ટ્રેન નંબર ૨૬૩૦૧ – જોગબની-દાનાપુર વંદે ભારત એક્સપ્રેસ આ ટ્રેન ૧૮ સપ્ટેમ્બરથી જોગબનીથી બપોરે ૩:૨૫ વાગ્યે નીકળશે અને સ્ટેશનો પર આ મુજબ રોકાશે જેમાં ફોર્બિસગંજ – ૩:૩૫ વાગે, અરરિયા કોર્ટ – ૪:૦૦ વાગે, પૂર્ણિયા – ૪:૫૦ વાગે, બનમનખી – ૫:૨૬ વાગે, દૌરમ મધેપુરા – ૫:૫૩ વાગે, સહરસા – ૬:૨૦ વાગે, ખગડિયા – ૭:૧૩ વાગે, સલૌના – ૭:૩૩ વાગે, હસનપુર રોડ – ૭:૪૮ વાગે, સમસ્તીપુર – ૮:૨૩ વાગે, મુઝફ્ફરપુર – ૯:૦૦ વાગે, હાજીપુર – ૯:૪૫ વાગે, દાનાપુર – રાત્રે ૧૧:૩૦ વાગે પહોંચશે

### અન્ય ટ્રેનો



જોગબની-ઇરોડ અમૃત ભારત એક્સપ્રેસ, સહરસા-છેહરટા અમૃત ભારત એક્સપ્રેસ, કટિહાર-સિલિગુડી એક્સપ્રેસ, હાલમાં બિહારમાંથી ૧૩ વંદે ભારત ટ્રેનો ચાલે છે. જોગબની-દાનાપુર ટ્રેન શરૂ થયા બાદ આ સંખ્યા ૧૪ થઈ જશે. ૮ અમૃત ભારત ટ્રેનો હાલ કાર્યરત છે. જોગબની-ઇરોડ અને સહરસા-છેહરટા શરૂ થયા બાદ આ સંખ્યા ૧૦ થઈ જશે. આ ઉપરાંત, જયનગર-પટના વચ્ચે ૧ નમો ભારત ટ્રેન પણ ચાલી રહી છે.

### લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી

# પીએમ મોદીએ બિહારમાં રૂ. ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન-શિલાન્યાસ કર્યા

## બિહારના પૂર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા



। (એજન્સી) પટણા, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે બિહાર, આસામ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ગેરકાયદે વસાહતીઓને કારણે સ્થાનિક લોકો પોતાની માતાઓ બહેનોની સુરક્ષાને લઈને ચિંતામાં મુકાયા છે. જ્યારે બીજી તરફ વિરોધી પક્ષો ગેરકાયદે વસાહતીઓને રક્ષણ આપી રહ્યા છે. બિહારના પૂર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. સાથે તેમણે ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટ ખુલ્લા મુક્યા હતા.

મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ બિહારના નાગરિકોની સરખામણી બીડી સાથે કરી રહી છે જે બિહારીઓ માટે અપમાન સમાન છે. ઘુસણખોરીને કારણે દેશના પૂર્વના હિસ્સામાં વસ્તી વિષયક સંકટ પેદા થઈ રહ્યું છે. આસામ, બિહાર, બંગાળના નાગરિકોને ચિંતામાં મુકાયા છે. જેને કારણે જ મે લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી હતી. પરંતુ કોંગ્રેસ, આરજેડી અને તેના સંપૂર્ણ ઈકોસીસ્ટમે મતબેંકના રાજકારણ માટે વિદેશી ઘુસણખોરોને બચાવવાનું શરૂ કરી દીધું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે ઘુસણખોરો પર આકરી કાર્યવાહી કરવામાં આવશે અને દેશને તેમના ફળ મળશે. વોટચોરીના વિરોધી પક્ષોના આરોપોને લઈને જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે જનતા કોંગ્રેસ અને આરજેડીને યોગ્ય જવાબ આપશે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે સ્વીકાર કર્યો હતો કે સરકાર દ્વારા એક રૂપિયો ખર્ચ કરાય છે તેમાં માત્ર ૧૫ પૈસા જ લોકો સુધી પહોંચે છે. બાકીના ૮૫ પૈસા પંજો ખાઈ જતો હતો. બિહારમાં ચૂંટણી માટે ગમે ત્યારે તારીખો જાહેર થઈ શકે છે. આ સ્થિતિ વચ્ચે હાલ કોંગ્રેસ, આરજેડી રેલીઓ યોજી રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પ્રચાર શરૂ કરી દીધો છે. સાથે જ મોદીએ બિહારના પૂર્ણિયા એરપોર્ટના નવા ર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું.



## લોકોએ જાતે જ લાખાબાવડ-દરેડ રોડનું સમારકામ કર્યું

। જામનગર, તા.૧૬ ।

જામનગર નજીક લાખાબાવડ અને દરેડ ગામને જોડતા મુખ્ય માર્ગની બિસ્માર હાલતથી કંટાળેલા સ્થાનિક નાગરિકોએ તંત્રની લાપરવાહી સામે અનોખો વિરોધ દર્શાવ્યો છે. અનેક રજૂઆતો છતાં માર્ગનું સમારકામ ન થતાં, લોકોએ સ્વયંભૂ ફાળો એકત્ર કરીને જાતે જ રોડ રીપેર કરવાનું બીડું ઝડપ્યું છે. લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ એક કિલોમીટરના માર્ગ પર મોટા ખાડા પડી ગયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. દૈનિક હજારો લોકો આ માર્ગનો ઉપયોગ કરતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહોતી. આખરે, સ્થાનિક લોકોએ કંટાળીને જાતે જ પહેલ કરી હતી. આ માર્ગને વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટે આશરે ૧૫ જેટલા નાગરિકોએ સાથે મળીને ફાળો એકત્ર કર્યો હતો. લગભગ રૂ. ૨૫,૦૦૦ નો ખર્ચ કરીને તેમણે પાંચ કલાક સુધી સતત શ્રમદાન કર્યું. ખાડાઓમાં માટી ભરીને અને તેને સમથળ કરીને તેમણે રસ્તાને તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તેવો બનાવ્યો છે. સ્થાનિક નાગરિકોએ કરેલા આ શ્રમદાનથી હાલ પૂરતી રાહત થઈ છે, પરંતુ આ એક કાયમી ઉકેલ નથી. લોકોની મુખ્ય માગ એ છે કે, સરકાર વહેલી તકે આ માર્ગનું નવીનીકરણ કરે જેથી આ વિસ્તારના રહેવાસીઓની હાલાકી કાયમી ધોરણે દૂર થાય. આ ઘટનાએ સ્થાનિક તંત્રની કામગીરી પર અનેક સવાલો ઊભા કર્યા છે, અને તે દર્શાવે છે કે જ્યારે તંત્ર નિષ્ફળ જાય છે, ત્યારે પ્રજા પોતે જ પોતાના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે આગળ આવે છે.

### વૃદ્ધાના ગળાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા

# ખોખરામાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગળું દબાવી હત્યા

**પોલીસે ઘરની તપાસ કરતા દરેક કિંમતી ચીજ વસ્તુ સહીસલામત મળી આવી હતી. જેના કારણે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હત્યા કોઈ લૂંટ માટે કરવામાં આવી નથી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં હરીપુરાની ચાલીમાં બાજુમાં આવેલ ફુટ વાળી ચાલીમાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગઈ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના એકાએક મોત નીપજ્યું હતું. ૯૫ વર્ષીય ધનીબેન રામાભાઈ વાઘેલા છેલ્લા ઘણા વર્ષોથી ફુટ વાળી ચાલીમાં ભાડેથી મકાન રાખીને રહેતા હતા. જો કે, તેમનો દીકરો ખોખરા વિસ્તારમાં જ તેના પરિવાર સાથે રહેતો હોવાથી ધનીબેનના મોત અંગેની જાણ પાડોશીએ તેમના દીકરા બીપીનભાઈ વાઘેલાને કરતા તે દોડી આવ્યો હતો. જ્યારબાદ




મૃતક માતાને પોતાના ઘરે લઈને ગયો હતો. અંતિમ ક્રિયા કરવાની તૈયારી કરતા જ દીકરા બીપીનભાઈને માતાના ગળાના ભાગે ઈજાના નિશાન દેખાયા હતા. તેથી દીકરાએ આ અંગે ખોખરા પોલીસને જાણ કરતા ખોખરા પોલીસ આવી પહોંચી હતી. પોલીસે પોસ્ટમોટર્મ કરવાનું નક્કી કરતા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, વૃદ્ધાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. ત્યારે ખોખરા પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાની કલમ હેઠળ ફરિયાદ નોંધીને હત્યા કરનાર આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે ઘરની તપાસ કરતા દરેક કિંમતી ચીજ વસ્તુ સહીસલામત મળી આવી હતી. જેના કારણે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હત્યા કોઈ લૂંટ માટે કરવામાં આવી નથી. જો કે, આ હત્યા ક્યાં કારણે થઈ તેને લઈ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### સસરા અને દિયર વિરુદ્ધ નોંધ્યો હતો

## હોટલમાં પત્ની અન્ય યુવક સાથે નજરે ચડતા પતિએ માર મારી કાઢી મુકી

। (એજન્સી) ભરૂચ, તા.૧૬ ।

કઠલાલ ખાતેની હોટલમાં મિત્રને મળવા પહોંચેલ પત્નીના વિડીયો મેળવી પતિએ તે વિડિયો પિયરપક્ષમાં મોકલી આપી પત્નીને માર મારી ઘરમાંથી કાઢી મૂકી સમાજમાં બદનામ કરવા અંગે પીડિતાની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે પતિ, સસરા અને દિયર વિરુદ્ધ નોંધ્યો હતો. ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં રહેતી રહેતી ૩૩ વર્ષીય મહિલાએ ફરિયાદમાં કહ્યું હતું કે, મારા લગ્ન વર્ષ ૨૦૦૮માં સમાજના રીત રિવાજ મુજબ દિપક રામકિશન મિસ્ત્રી (રહે-કઠલાલ ગામ, ખેડા) સાથે થયા હતા. ગઈ તા.૬ જૂનના રોજ રાત્રે ક્યાં ગઈ હતી? તેવું પતિએ પૂછતા મે જણાવ્યું હતું કે, સાસરી પક્ષ મને હેરાન કરતા હોય તે વાત બાબતે વાતચીત કરવા મિત્ર આશિક વોહરા સાથે હોટલમાં ગઈ હતી. ત્યારબાદ ખેડામાં પોલીસ વિભાગમાં નોકરી કરતા મારા દિયર દર્શન મિસ્ત્રીને મારા પતિએ આ અંગે જાણ કરતા બંને હોટલના સીસીટીવી ફૂટેજ લઈ આવ્યા હતા. અને તે વિડીયો મારા ભાઈના મોબાઈલમાં મોકલી આપ્યા હતા. અને મારા માતા-પિતાને ફોન કરી તમારી છોકરીના લક્ષણ સારા નથી અહીંથી લઈ જાઓ તેમ કહી સસરા, દિયર અને પતિએ અપશબ્દો કહી માર માર્યો હતો. અને હોટલના વિડીયો વાયરલ કરી મને તથા મારા માતા-પિતાને સમાજમાં બદનામ કર્યા છે. પતિ અને સસરા અવારનવાર ઝઘડો કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા.

### રિક્ષામાં બકરી ઉઠાવી જતા શખ્સને ગ્રામજનોએ ઝડપી પાડી મેથીપાક ચખાડ્યો

। (પ્રતિનિધી) ભરૂચ, તા.૧૬ ।

ભરૂચ જિલ્લાના પાલેજ ગામ ખાતે રિક્ષામાં બકરીની ચોરી કરતા શખ્સને ગ્રામજનોએ રંગેહાથ ઝડપી પાડી મેથી પાક ચખાડી પોલીસના હવાલે કર્યો હતો. પાલેજ ગામની જુમ્મા મસ્જિદ પાસે રહેતા દાઉદ પઠાણ ગઈકાલે સવારે નજીકમાં ખુલ્લી જગ્યામાં બકરા ચરાવવા માટે નીકળ્યા હતા. તે વખતે એક રીક્ષા ચાલકે તેની રીક્ષા બકરા ચરી રહ્યા હતા તેની બાજુમાં ઊભી રાખી હતી. અને એક બકરીને ઉઠાવીને રિક્ષામાં મુકવાનો પ્રયાસ કરતા તેણે શખ્સને ઝડપી પાડ્યો હતો. આ દરમ્યાન આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. ઝડપાયેલ રીક્ષા ચાલક ઈદ્રીશ કુરેશી (રહે-જંબુસર) હોવાનું બહાર આવ્યું હતું. તેમજ આ વિસ્તારમાં અનેક લોકોના બકરાની ચોરી થઈ હોય તેઓ પણ આવી પહોંચ્યા હતા. બનાવ સંદર્ભે પોલીસે અગાઉ થયેલ બકરા ચોરીના કેસમાં આરોપીની સંડોવણી છે કે? કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી હતી.

# ૨૦૧૦ પહેલાંના શિક્ષકોએ પણ TET પરીક્ષા ફરજિયાત આપવી પડશે

। (પ્રતિનિધી) સુરત, તા.૧૬ ।



સુરત શૈક્ષિક મહાસંઘે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નિર્દેશ પર પ્રધાનમંત્રીને આવેદન પત્ર પાઠવીને શિક્ષકોની સેવા-સુરક્ષા સંબંધિત વિનંતી કરી છે. તાજેતરમાં સર્વોચ્ચ અદાલત દ્વારા શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) તમામ સેવારત શિક્ષકો માટે ફરજિયાત કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે, તેના વિરોધમાં આ આવેદન આપવામાં આવ્યું છે. આ નિર્ણયના કારણે દેશભરના આશરે ૨૦ લાખ શિક્ષકોની નોકરી અને આજીવિકા જોખમમાં મુકાઈ છે. મહાસંઘની મુખ્ય માંગણી છે કે ૨૦૧૦ પહેલા સેવામાં જોડાયેલા શિક્ષકોને આ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે.

શિક્ષણનો અધિકાર (Right to education) એક્ટ ૨૦૦૯ અંતર્ગત, ૨૦૧૦ થી સેવામાં જોડાયેલા શિક્ષકો માટે TET પરીક્ષા ફરજિયાત કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાથી આ નિયમ તમામ સેવારત શિક્ષકોને લાગુ પડ્યો છે. સુરત સહિત દેશભરના શિક્ષક સંગઠનો આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે કારણ કે તેમના મતે, ૨૦૧૦ પહેલા જે શિક્ષકો નિયુક્ત થયા છે, તેમના માટે આ પરીક્ષા ફરજિયાત કરવી યોગ્ય નથી. આ નિર્ણયથી તેમની વર્ષોની સેવા અને ભવિષ્ય પર ગંભીર અનિશ્ચિતતા ઊભી થઈ છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા કરવામાં આવેલી અરજમાં જણાવવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયના કારણે દેશભરના લગભગ ૨૦ લાખ શિક્ષકોની સેવા-સુરક્ષા અને આજીવિકા જોખમમાં છે. આ શિક્ષકોએ વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપ્યું છે અને હવે અચાનક તેમના માટે એક નવી પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવવું તેમને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દે છે. આ નિર્ણયથી શિક્ષકોમાં ગંભીર ચિંતા અને અસુરક્ષાની ભાવના પ્રવર્તી રહી છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સુરત શૈક્ષિક મહાસંઘે પ્રધાનમંત્રીને આવેદનપત્ર સુપરત કર્યું છે. આ આવેદનનો મુખ્ય હેતુ સરકારને આ મામલામાં હસ્તક્ષેપ કરવા અને યોગ્ય સુધારો કરવાની વિનંતી કરવાનો છે. સંગઠન માને છે કે સરકારે આ નિર્ણયની વિટંબણાને સમજીને ૨૦૧૦ પહેલાના શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવી જોઈએ, જેથી તેમની સેવા અને સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. શિક્ષકોના હિતમાં સરકાર આ બાબતે સકારાત્મક પગલાં લેશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### સરકાર પાસે રૂ.૧,૦૦૦ કરોડના પેકેજની માંગ

# બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસે લીધી મુલાકાત

। બનાસકાંઠા, તા.૧૬ ।





બનાસકાંઠા જિલ્લાના થરાદ, વાવ અને સુઈગામ તાલુકામાં ૭ અને ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ આવેલા અચાનક પૂરના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ બાદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમની સાથે સાંસદ ગેનીબેન ઠાકોર અને જિલ્લા કોંગ્રેસના નેતાઓ પણ જોડાયા હતા. મુલાકાત દરમિયાન તેમણે સરકાર પાસે તાત્કાલિક રૂ. ૧,૦૦૦ કરોડના સહાય પેકેજની માગ કરી હતી અને સરકારની રાહત કામગીરી પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.

અમિત ચાવડાએ સુઈગામ તાલુકાના ભરડવા ગામ, વાવના મોરિખા ગામ અને થરાદના ડોડગામ તથા ખાનપુર ગામની મુલાકાત લીધી હતી. અહીં તેમણે પૂરથી પ્રભાવિત થયેલા પરિવારો સાથે વાતચીત કરી, તેમના તૂટેલા ઘરો, ખેતીના પાકને થયેલું નુકસાન અને પશુધનના મૃત્યુની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે જણાવ્યું કે, "પૂરના કારણે ખેતી, પશુધન અને ઘરવખરીને મોટા પાયે નુકસાન થયું છે, જેનાથી ગ્રામીણ અર્થતંત્રને ગંભીર આંચકો લાગ્યો છે."

ચાવડાએ સરકાર દ્વારા જાહેર કરાયેલા કેશડોલની નીતિ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "સરકારી તંત્ર દ્વારા પરિવારના માત્ર ૨ સભ્યોને કેશડોલ આપવાનો ફતવો કોઈપણ રીતે સ્વીકાર્ય નથી." આ ઉપરાંત, તેમણે આરોગ્ય સેવાઓનો અભાવ પણ દર્શાવ્યો, "ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) હોવા છતાં દવાઓ ઉપલબ્ધ નથી, જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય છે." તેમણે ઉમેર્યું કે, તમામ સમાજના લોકોએ સાથે મળીને નક્કી કર્યું છે કે જો પૂરતું વળતર અને કેશડોલ નહીં મળે તો તેઓ તેનો બહિષ્કાર કરશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારને ખાસ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૨૧ અને ૨૦૨૫માં વારંવાર પૂર આવે છે, જે દર્શાવે છે કે આ એક કાયમી સમસ્યા છે. તેમણે માગ કરી કે, "આ રણપ્રદેશના નજીકના વિસ્તારમાં પાણીના કાયમી નિકાલ માટે કેનાલની વ્યવસ્થા થવી જોઈએ, જેથી ભાભર, થરાદ અને સુઈગામનું પાણી રણમાં નિકાલ કરી શકાય." તેમણે ખાતરી આપી કે કોંગ્રેસ આ તમામ માંગણીઓનું આવેદનપત્ર સરકારને સુપરત કરશે. અમિત ચાવડાની આ મુલાકાત દરમિયાન સાંસદ ગેનીબેન ઠાકોર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત અને અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. આ ઘટનાએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે સરકાર પર દબાણ વધાર્યું છે. થરાદ અને સુઈગામનું પાણી રણમાં નિકાલ કરી શકાય." તેમણે ખાતરી આપી કે કોંગ્રેસ આ તમામ માંગણીઓનું આવેદનપત્ર સરકારને સુપરત કરશે. અમિત ચાવડાની આ મુલાકાત દરમિયાન સાંસદ ગેનીબેન ઠાકોર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત અને અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. આ ઘટનાએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે સરકાર પર દબાણ વધાર્યું છે.

# ડીસામાં બસચાલકે બાઇકને મારી ટક્કર, બસચાલક નશામાં હોવાનો આરોપ, લોકોએ બસચાલકને પકડી પોલીસને સોંપ્યો

। (પ્રતિનિધી) બનાસકાંઠા, તા.૧૬ ।


બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં એક ભયાનક ઘટના બની,જેમાં ડીસા-પાટણ રુટ પર ચાલતી બસના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી દીધી.ટક્કર પછી બસચાલક પર નશામાં હોવાનો આરોપ લાગ્યો અને તેણે બાઈકચાલકને ધમકાવવા માટે છરી કાઢી,જેના કારણે ઘટનાસ્થળે તણાવનું વાતાવરણ રચાયું. સ્થાનિક લોકોએ ઝડપથી કાર્યવાહી કરીને બસચાલકને પકડી લઈ પોલીસને સોંપ્યો. પોલીસે આ ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે અને ચાલક વિરુદ્ધ કાર્યવાહીની તૈયારી કરી રહી છે. મળતી માહિતી અનુસાર,ઘટના ડીસા-પાટણ મુખ્ય રસ્તા પર બપોરે બનેલી. બાઈક પર આવતા એક યુવાનને અચાનક બસચાલકે બસ ચલાવતા જોરદાર ટક્કર મારી, જેના કારણે બાઈકચાલકને ઈજા થઈ અને તે રસ્તા પર પડી ગયો.ટક્કર પછી બસ અટકાવીને ચાલક બહાર આવ્યો અને બાઈકચાલકને મારવાની કોશિશ કરી.તેણે પોતાની જેબમાંથી છરી કાઢીને ધમકી આપી,જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો. બસચાલક દારૂ અથવા અન્ય નશાના અસર હેઠળ હતો, સ્થાનિક લોકો અને બાઈકચાલકના સાથીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા.તેઓએ બસચાલકને ઘેરી લીધો અને તેને મારવાની કોશિશ કરતા અટકાવી. ત્યારબાદ તેને બાંધીને ડીસા પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ સોંપ્યો. બાઈકચાલકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. તેની હાલત સ્થિર છે,પરંતુ તેને હાથ અને પગમાં ફ્રેક્ચર થયાની શંકા છે.ડીસા પોલીસ સ્ટેશનના બસચાલક વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.બસ ચાલકોને નશા તપાસ માટે નિયમિત ચેકિંગ કરવી જોઈએ.આવી દાદાગીરીથી સામાન્ય લોકોનો જીવ જોખમમાં આવે છે." આ ઘટના પછી ડીસા-પાટણ રુટ પરની બસ સેવામાં વિલંબ થયો હતો, જેના કારણે મુસાફરોને તકલીફ થઈ આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે પોલીસ અને પરિવહન વિભાગે ડ્રાઈવરો માટે વધુ સખત નિયમો અમલમાં મૂકવાની જરૂર છે. આ ઘટના પછી ડીસા-પાટણ રુટ પરની બસ સેવામાં વિલંબ થયો હતો, જેના કારણે મુસાફરોને તકલીફ થઈ આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે પોલીસ અને પરિવહન વિભાગે ડ્રાઈવરો માટે વધુ સખત નિયમો અમલમાં મૂકવાની જરૂર છે.

## વિશેષ

### હિતાશ્રય ગૌશાળા વૃંદાવન ધામના લાભાર્થે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં પ.પૂ. શ્રી ચંદનલાલજી મહારાજે કથાનું રસપાન કરાવ્યું

# શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ભાવપૂર્ણ ઉપસ્થિતિ







। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ચાણક્યપુરી ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં ભાવપૂર્વક સહભાગી થતા જણાવ્યું હતું કે, ભાગવત કથા અને એમાં પણ એનો ભાવ અહીં ખેંચી લાવ્યો છે. વૃંદાવનમાં ગૌશાળા માટે આપણે ત્યાં ભાગવત કથા થાય એ ગુજરાતીઓ માટે બેવડા આનંદ અને ગૌરવની ઘડી છે. સંતવાણી સાંભળી અમને વધુ ને વધુ જન સેવા કરવાનું માર્ગદર્શન પ્રાપ્ત થતું હોય છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વ્યાસપીઠને વંદન કરીને શ્રીમદ્ ભાગવતની પોથીનું પૂજન-અર્ચન કર્યું હતું અને ભાગવત કથાનું શ્રવણ કર્યું હતું. હિતાશ્રય ગૌશાળા વૃંદાવન ધામના લાભાર્થે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ચાણક્યપુરીમાં કરવામાં આવ્યું હતું. પ.પૂ. રાધાવલ્લભ સંપ્રદાયાચાર્ય ચંદનલાલજી વિનોદલાલજી મહારાજે ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. ચાણક્યપુરીમાં આવેલ ડાહીબા સમાજ ભવન હોલ ખાતે ભાગવત કથાનું આયોજન તા. ૧૦થી ૧૬ સપ્ટેમ્બરના દિવસોમાં કરવામાં આવ્યું હતું. હિતાશ્રય ગૌશાળા વૃંદાવન ધામના લાભાર્થે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ચાણક્યપુરીમાં કરવામાં આવ્યું હતું. પ.પૂ. રાધાવલ્લભ સંપ્રદાયાચાર્ય ચંદનલાલજી વિનોદલાલજી મહારાજે ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. ચાણક્યપુરીમાં આવેલ ડાહીબા સમાજ ભવન હોલ ખાતે ભાગવત કથાનું આયોજન તા. ૧૦થી ૧૬ સપ્ટેમ્બરના દિવસોમાં કરવામાં આવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### મારા પિતાનો જીવ બચી ગયો હોત, ૨૨ કિમી દૂર કેમ લઈ ગયા?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારત સરકારના આર્થિક બાબતોના વિભાગના ઉપસચિવ નવજોત સિંહનું દિલ્હીના ધૌલા કુઆન વિસ્તારમાં રિંગ રોડ પર રોડ અકસ્માતમાં મૃત્યુ નિપજ્યું હતું. નવજોત સિંહ તેમની પત્ની સાથે બંગલા સાહિબ ગુરુદ્વારાથી હરિ નગર સ્થિત તેમના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે મ્સ્ઉ કારે તેમની બાઈકને ટક્કર મારી હતી, જેમાં તે અને તેમની પત્ની બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હવે નવજોત સિંહના મોત પર તેમના દીકરાએ સવાલ ઉઠાવ્યા છે. નવજોત સિંહના પુત્ર નવનૂર સિંહનો આરોપ છે કે, અકસ્માત પછી મારા પિતાને મોટી સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ કે છૈંસ્જી જેવી સંસ્થામાં લઈ જવાને બદલે ૨૨ કિમી દૂર એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નહોતી. મારા માતાપિતાને એમ્બ્યુલન્સને બદલે ડિલિવરી વાનમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. યોગ્ય સારવારના અભાવે મારા પિતાનું મૃત્યુ થયું છે. નવનૂરે જણાવ્યું કે, મારા માતા-પિતા બંગલા સાહિબ ગુરુદ્વારાથી પરત ફરી રહ્યા હતા અને કર્ણાટક ભવનમાં જમવા માટે રોકાયા હતા.

### મુંબઈમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

દેશમાં ચોમાસુ તેના અંત તરફ છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. જો કે હવે આ રાજ્યોમાં વરસાદ બંધ થવા લાગ્યો છે. જોકે, IMD ચેતવણી મુજબ, દેશભરના વિવિધ રાજ્યોમાં પરિસ્થિતિ સમાન નથી. મુંબઈમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. સોમવાર સવારથી મુંબઈ અને આસપાસના થાણે અને રાયગઢ જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આ જિલ્લાઓ માટે ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે શહેરના ઘણા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા કલાકોમાં આ જિલ્લાઓમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.ૈંસ્ઢ એ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકવાની પણ આગાહી કરી છે. આ વાવાઝોડા જેવી સ્થિતિમાં હવામાન વિભાગે લોકોને સાવધાન રહેવાની અપીલ કરી છે. દરમિયાન, ટેકનિકલ ખામીને કારણે મોનોરેલ સેવા પણ ખોરવાઈ ગઈ છે. થોડા અઠવાડિયા પહેલા, ટેકનિકલ ખામી અને વરસાદને કારણે મોનોરેલ એલિવેટેડ ટ્રેક પર ફસાઈ ગઈ હતી.

### PM મોદીની મુલાકાતના બીજા દિવસે મણિપુરમાં ફરી હિંસા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

પૂર્વોત્તરના રાજ્ય મણિપુરમાં ફરી હિંસા ફાટી નીકળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના બીજા જ દિવસે રવિવારે ચુરાચંદપુરમાં સ્થાનિક લોકોની ભીડ બેકાબૂ થઈ અને પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો. આ દરમિયાન, તેમની સુરક્ષા દળો સાથે અથડામણ થઈ. સ્થાનિક લોકોએ રેપિડ એક્શન ફોર્સના કર્મચારીઓ પર પણ પથ્થરમારો કર્યો હોવાના અહેવાલ છે. ખરેખર તો ચુરાચંદપુર જિલ્લામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત સંદર્ભે લગાવવામાં આવેલા બેનરો અને 'કટઆઉટ' ફાડવા બદલ બે યુવાનોની અટકાયત કરવામાં આવી હતી. ત્યાર બાદ રવિવારે સ્થાનિક ભીડ એકઠી થઈ અને બંનેની મુક્તિની માંગણી સાથે વિરોધ શરૂ કર્યો. ટૂંક સમયમાં ભીડ બેકાબૂ થઈ ગઈ અને હિંસા ભડકી. એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીના જણાવ્યા અનુસાર, ભીડે ચુરાચંદપુર પોલીસ સ્ટેશન પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. બપોરની તસવીરોમાં દેખાવો દરમિયાન તૈનાત કર્મચારીઓ પર ભીડ દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની જાણકારી મળી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ફરજ મેજિસ્ટ્રેટ દ્વારા તેમના જામીન પર સુનાવણી બાદ, બંને વ્યક્તિઓને બાદમાં છોડી દેવામાં આવ્યા હતા.



પટણામાં રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટીના 'ચલો જીતે હૈ' અભિયાન હેઠળ વાહનોને લીલી ઝંડી આપીને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય, બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, રાજ્ય ભાજપ પ્રમુખ દિલીપ જયસ્વાલ અને અન્ય લોકો સાથે.

### સ્થાનિકોને ત્યાં છૂપાવાની જુની રણનીતિ બદલી

## આતંકીઓ કાશ્મીરના જંગલોમાં છૂપાવા માટે બંકરો બનાવી રહ્યા છે

**જંગલમાં એન્કાઉન્ટર સ્થળે બંકરમાં આતંકીઓના ગેસ સ્ટવ, પ્રેશર કૂકર સહિતના વાસણો અને રાશન સામગ્રી મળી આવી**

। (એજન્સી) શ્રીનગર, તા.૧૬ ।

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ પોતાની રણનીતિ બદલી છે, અત્યાર સુધી આતંકવાદીઓ સ્થાનિકોના ઘરોમાં છુપાઈને રહેતા હતા જોકે હવે જંગલોમાં અન્ડરગ્રાઉન્ડ બંકરો બનાવી રહ્યા છે. આતંકીઓ ગાઢ જંગલોમાં આ બંકરો બનાવી રહ્યા હોવાનો ખુલાસો અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. તાજેતરમાં આતંકીઓના એકાઉન્ટર સ્થળેથી રસોઈ બનાવવા માટેના વાસણ, ગેસ સ્ટવ વગેરે મળી આવ્યા હતા. ગત સપ્તાહે જ કુલગામ જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં બે આતંકીઓ એકાઉન્ટરમાં માર્યા ગયા હતા. આ દરમિયાન સૈન્યએ તપાસ કરતા આતંકીઓના છુપાવાના સ્થળેથી હથિયારો અને વિસ્ફોટક સામગ્રીઓની સાથે સાથે રાશન, ગેસ સ્ટવ, પ્રેશર કૂકર પણ મળી આવ્યા હતા. એક વરીષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આતંકીઓ હવે જંગલોમાં અત્યંત અંતરિયાળ વિસ્તારોમાં પોતાના છુપાવા માટે બંકરો બનાવી રહ્યા છે જ્યાં દૈનિક જરૂરિયાની સુવિધાઓ રાખતા હોવાનું પણ સામે આવ્યું છે. અગાઉ આતંકીઓ સ્થાનિક લોકોના ઘરોમાં શરણ લેતા હતા. નિવૃત ડીજીપી બી શ્રીનિવાસ કે જેમણે જમ્મુ કાશ્મીર પોલીસમાં ત્રણ દસકા સુધી કામ કર્યુ છે તેમણે જણાવ્યું હતું કે સ્થાનિકો પાસે શરણ લેવી આતંકીઓ માટે હવે મુશ્કેલ થઈ રહ્યું છે જેને કારણે જંગલોમાં બંકરો તૈયાર કરી રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીરના પૂંચ વિસ્તારમાં ત્રણ આતંકીઓ ભારે હથિયારો સાથે ઝડપાયા હતા. જે પણ લોકોની ધરપકડ કરવામાં આવી તેઓ હિઝબુલ મુજાહિદીન સાથે સંકળાયેલા છે.

### બિહારના નવાદામાં ૪ નરાધમોની હેવાનિયત

## પાણી માગતી સગીરાને દારૂ પીવડાવી પીંખી નાખી

**છોકરી ચીસો પાડતી રહી છતા આરોપીઓ બળજબરી પૂર્વક તેના મોઢામાં બોટલ નાખીને તેને દારૂ પીવડાવ્યો હતો**

। (એજન્સી) નવાદા, તા.૧૬ ।

બિહારના નવાદામાં, એક સગીર છોકરી પર બળજબરીપૂર્વક દારૂ પિવડાવીને દુષ્કર્મ કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે, જેણે આખા રિસ્લીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ગામમાં ખળભળાટ મચાવી દીધો છે.

આ દુર્ઘટના દરમિયાન, તે છોકરી ચીસો પાડતી રહી અને પોતાને છોડી દેવા વિનંતી કરતી રહી, પરંતુ આરોપીઓ બળજબરીપૂર્વક તેના મોઢામાં બોટલ નાખીને તેને દારૂ પીવડાવ્યો. ત્યારબાદ ચાર લોકોએ વારાફરતી તેની સાથે દુષ્કર્મ કર્યું. જાણવા મળ્યું છે કે આ ઘટના કોઈ અજાણ્યા લોકોએ નહીં, પરંતુ પડોશના જ ચાર યુવકોએ કરી છે. પીડિતાની માતા મુકુલ દેવીના જણાવ્યા મુજબ, ૧૩ વર્ષની પીડિતા પોતાની સહેલીઓ સાથે નદી કિનારે લાકડા વીણવા ગઈ હતી, જ્યાં ગામના કેટલાક લોકો પહેલેથી જ હાજર હતા. જ્યારે પીડિતાને તરસ લાગી ત્યારે તેણે પરિચિત બનેવી પાસેથી પાણી માંગ્યું. જોકે, તેણે પાણીને બદલે દેશી દારૂ આપ્યો. પીડિતાએ પીવાની ના પાડતા, આરોપીઓએ તેને બળજબરીથી દારૂ પિવડાવ્યો. ત્યારબાદ, ત્યાં હાજર ચાર લોકોએ વારાફરતી તેની સાથે દુષ્કર્મ આચર્યું.

પીડિતાની ચીસો સાંભળીને તેની સહેલીઓ મદદ માટે પહોંચી, પરંતુ ત્યાં સુધીમાં પીડિતા બેભાન થઈ ગઈ હતી અને બધા આરોપીઓ ભાગી ગયા હતા. સહેલીઓએ પીડિતાના પરિવારને આ ઘટનાની જાણ કરી. ત્યારબાદ પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી.

### ૨૦ હજાર લોકોએ રાતોરાત ગાઝા છોડ્યું

## ઈઝરાયલ મોટો હુમલો કરે તેવો ફફડાટ; અનેકના મોત

**ઈઝરાયલે ગાઝામાં સૈનિકોની સંખ્યા વધારી દીધી છે, તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે**

। (એજન્સી) ગાઝા, તા.૧૬ ।

કતારમાં ૫૦ મુસ્લિમ દેશના નેતાઓ વચ્ચે બેઠક ચાલી રહી છે. આ બેઠક વચ્ચે ઈઝરાયલ ગાઝા પર સતત હુમલાઓ કરી રહ્યું છે. આ હુમલાના ભયમાં ગઈકાલે રાત્રે આશરે ૨૦,૦૦૦ લોકોએ ગાઝામાંથી પલાયન કર્યું હતું. મોટી સંખ્યામાં લોકો પોતાના બિસ્તરાં-પોટલા બાંધી દેશ છોડી રહ્યા છે. કોઈ પગપાળા, તો કોઈ ગાડીમાં સામાન ભરી પલાયન કરી રહ્યા છે. ઈઝરાયલે ગાઝામાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈઝરાયલે આજે સવારે કરેલા હુમલામાં ગાઝાના ૨૮ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના આ હુમલાઓના કારણે ગાઝામાં ભયનો માહોલ વધ્યો છે. વધુમાં નજીકના ભવિષ્યમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરની કોઈ અપેક્ષા જોવા ન મળતાં ગાઝાવાસીઓ ભયભીત બન્યા છે. ઈઝરાયલે કતારમાં પણ હુમલો કરી દેતાં સ્થિતિ વધુ વણસી છે. વધુમાં ઈઝરાયલે ગાઝાવાસીઓને સ્થળ ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું હોવાથી મોટો હુમલો થવાનો ફફડાટ વધ્યો છે.

ઈઝરાયલ હમાસમાં એક-પછી-એક હુમલા કરી રહ્યું છે. ગાઝાના લોકો માટે ભોજન પ્રદાન કરતા કેમ્પને પણ નષ્ટ કર્યા છે. તેની આ અડોડાઈને ધ્યાનમાં લેતાં દોહામાં ઈઝરાયલ વિરૂદ્ધ પ્રસ્તાવ રજૂ કરવાની વિચારણા થઈ રહી છે. તદુપરાંત મુસ્લિમ દેશોની એકતા પણ આ મંચ પરથી વિશ્વ સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ ઈઝરાયલ ટસનું મસ થઈ રહ્યું નથી. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું હતું કે, તે ગાઝામાં સક્રિય એક-એક આતંકવાદીનો ખાતમો બોલાવશે. ગાઝામાં રહેતાં લોકોને અહીંથી નીકળી જવા એલર્ટ આપ્યું છે.

ગાઝામાં કુલ ૧૦ લાખથી વધુ લોકો વસે છે. જેમાંથી ૨-૩ લાખ લોકોએ પલાયન કર્યું છે. ઈઝરાયલે ચેતાવણી આપી છે કે, ગાઝામાં રહેતાં લોકો દક્ષિણ હિસ્સામાં જઈ આશરો લઈ શકે છે. પરંતુ ત્યાં વસતાં તમામ લોકોમાં ભયનો માહોલ વધ્યો છે. તેઓ કોઈપણ વિસ્તારને સુરક્ષિત માની રહ્યા નથી. ઈઝરાયલે અપેક્ષાકૃત શાંતિપૂર્વ વિસ્તાર વેસ્ટ બેક્રમાં પણ હુમલાઓ વધાર્યા છે. તદુપરાંત વેસ્ટ બેક્રના તુબાસ, નાબલુસ અને ઉત્તરીય વેસ્ટ બેક્રમાં પણ હુમલા કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે, એક બાજુ મુસ્લિમ દેશોની કતારમાં સમિટ ચાલી રહી છે, તો બીજી બાજુ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ઈઝરાયલમાં છે. તેમણે નેતન્યાહૂ સાથે આશરે ૩ કલાક બેઠક કરી હતી. એક ઈઝરાયલ અને ૫૦ દેશ નામની આ સમિટમાં નેતન્યાહૂ હાજરી આપવાના છે.



ઉત્તરાખંડના દેહરાદૂનમાં ભારે વરસાદને કારણે વાદળ ફાટવાથી એક સ્કૂલ બસ ક્ષતિગ્રસ્ત રસ્તા પર ફસાઈ ગઈ.

## એક જ દુકાનમાં પમી વખત ચોરી, ૨ મિનિટમાં ૮ લાખ ઉપાડી રફુચક્કર, મધ્યપ્રદેશની વિચિત્ર ઘટના

। (એજન્સી) સતનામા, તા.૧૬ ।

મધ્ય પ્રદેશના સતનામાં કૃષિ મંડી રોડ પર અમન ટ્રેડર્સ નામની દુકાનમાં ભર દિવસે રૂપિયા આઠ લાખની ચોરીનો બનાવ બન્યો છે. ચોરીની આ પૂરી ઘટના CCTVમાં કેદ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર પીડિત વ્યાપારી રાજેશ અગ્રવાલે જણાવ્યું કે તે દરરોજની જેમ સવારે ૧૧ વાગ્યે દુકાને પહોંચ્યો હતો. અંદાજે ૧૧:૨૫ વાગ્યે રાજેશે તિજોરીમાં ૭-૮ લાખ રૂપિયા મૂક્યા હતા. દરમિયાન તેની દુકાનમાં એક ગ્રાહક આવ્યો. ગ્રાહકે તક મેળવી કાઉન્ટર સુધી પહોંચી તિજોર ખોલી તેમા મુકેલી રોકડ રકમને બેગમાં નાખી દુકાનની બહાર એક લાલ રંગની હોન્ડા સિટી કારમાં ફરાર થઈ ગયો. અગ્રવાલે આપેલી માહિતી પ્રમાણે તેની દુકાનમાં આ પાંચમી વાર ચોરીની ઘટના બની છે. ફરિયાદ નોંધાવ્યા પછી પણ પોલીસ કોઈ પણ આરોપીની ધરપકડ નથી કરી શકી. જો કે આ વખતે ચોરીની પૂર્ણ ઘટના CCTVના કેમેરા કેદ થઈ છે. ચોરીની ઘટનાની જાણકારી મળતા મેહર પોલીસ ઘટના સ્થળે પહોંચી અને CCTV ફૂટેજ ચેક કર્યા. પોલીસે આરોપીની ઓળખના આધારે ઝડપી ગતીએ તપાસ શરૂ કરી છે. પાંચમી વાર ચોરીની ઘટના બાદ સ્થાનિક વેપારીઓમાં પણ ચિંતા વધી છે.

### સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

## ચૂંટણી પંચે કંઈ પણ ખોટું કર્યું હશે તો SIR પ્રક્રિયા રદ કરીશું

**સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા ૭મી ઓક્ટોબરની તારીખ નક્કી કરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

બિહાર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને સોમવારે (૧૫મી સપ્ટેમ્બર) સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે અમે બિહાર SIR પર આંશિક અભિપ્રાય આપી શકીએ નહીં. અંતિમ નિર્ણય ગમે તે હોય, તે આખા દેશ પર લાગુ પડશે. અમે માનીએ છીએ કે બંધારણીય સત્તા, ચૂંટણી પંચ, બિહારમાં કાયદા અને ફરજિયાત નિયમોનું પાલન કરી રહ્યું છે. જો અમને બિહાર SIRના કોઈપણ તબક્કે ચૂંટણી પંચ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિમાં કંઈ પણ ખોટું જણાશે, તો સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવશે. કેસની સુનાવણી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. અરજદારે પહેલી ઓક્ટોબર પહેલા કેસની સુનાવણીની માંગ કરી હતી. આ દિવસે અંતિમ મતદાર યાદી પ્રકાશિત થવાની છે. પરંતુ કોર્ટે ઈનકાર કરતા કહ્યું કે, ૨૮મી સપ્ટેમ્બરથી દશેરાની રજા છે, પરંતુ કોર્ટ એક અઠવાડિયા માટે બંધ છે. સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા



માટે સાતમી ઓક્ટોબરની તારીખ નક્કી કરી. અંતિમ મતદાર યાદીના પ્રકાશનથી મામલાના નિરાકરણમાં કોઈ ફરક પડશે નહીં. કોર્ટે અરજદારોને ખાતરી આપી હતી કે જો કોઈ ગેરકાયદે હશે, તો તે અંતિમ પ્રકાશનને ધ્યાનમાં લીધા વિના આ મામલે હસ્તક્ષેપ કરશે. કોર્ટે આ વાત એડવોકેટ પ્રશાંત ભૂષણના સવાલના જવાબમાં કહી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચ SIRની કવાયતમાં પોતાના મેન્યુઅલ અને નિયમોનું પાલન કરી રહ્યું નથી. કાયદાકીય જરૂરિયાત હોવા છતાં કમિશન આ મામલે મળેલા વાંધાઓ અપલોડ કરી રહ્યું નથી. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ચૂંટણી પંચે દેશભરમાં SIR વિશે વાત કરી હતી. ચૂંટણી પંચે આ સંદર્ભમાં ૧૦મીસપ્ટેમ્બરે એક બેઠક યોજી હતી. ત્યારબાદ અધિકારીઓએ કહ્યું હતું કે આવતા વર્ષે પાંચ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. તેથી ૨૦૨૫ના આગામી મહિનાઓમાં અખિલ ભારતીય મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી શકાય છે. બેઠકમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓએ કોઈપણ લાયક નાગરિકનું નામ મતદાર યાદીમાંથી બહાર ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિ તેમાં ન રહે તે સુનિશ્ચિત કરવા માટે દસ્તાવેજો સૂચવ્યા. ફરીથી ભાર મૂકવામાં આવ્યો કે આ દસ્તાવેજો પાત્ર નાગરિકો માટે સબમિટ કરવા માટે સરળ હોવા જોઈએ. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૬માં આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. ચૂંટણી પંચ દ્વારા શરુ કરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ, દેશભરમાં ડુપ્લિકેટ, મૃત અથવા અયોગ્ય મતદારોની ઓળખ કરવામાં આવશે અને મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવામાં આવશે. ખાસ કરીને એવા મતદારોની ઓળખ કરવામાં આવી રહી છે જેઓ કાયમી અને વર્તમાન બંને સરનામા પર નોંધાયેલા છે.

## મહારાષ્ટ્રની ફડણવીસ સરકાર અનામતના સંઘર્ષમાં ફસાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગે પાટિલ દ્વારા તાજેતરમાં કરાયેલા ભૂખ હડતાળ પછી મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠાઓને અનામત આપવા માટે જાહેર કરાયેલા સરકારી આદેશ (GR) પર રાજકારણ ગરમાયું છે. એક તરફ રાજ્યના અન્ય પછાત વર્ગ (OBC), અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) જૂથોએ મરાઠા અનામત માટે હૈદરાબાદ ગઝટ પર સરકારી આદેશ જાહેર કરવા પર ચિંતા વ્યક્ત કરી છે, તો બીજી તરફ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, મરાઠા ક્વોટા સંબંધિત સરકારી આદેશ OBCના અધિકારોને અસર કરશે નહીં. તેમણે એ પણ સંકેત આપ્યો છે કે આ લડાઈ આટલી જલ્દી સમાપ્ત થવાની નથી. અહેવાલો અનુસાર, આ મહિનાની શરૂઆતમાં જાહેર કરાયેલા સરકારી આદેશ પરના વિવાદો વચ્ચે મરાઠા અને OBC સમુદાયમાં સંઘર્ષ વધવાની ધમકીઓ વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે મહારાષ્ટ્ર સરકાર પર સામાજિક માળખાને નબળો પાડવા અને સમાજમાં વિભાજન વધારવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, મુખ્યમંત્રી ફડણવીસે પણ મરાઠા અનામતના સંવેદનશીલ મુદ્દા પર વધતા વિભાજનને સ્વીકાર્યું અને રવિવારે બંને સમુદાયોના નેતાઓને આ મુદ્દા વિશે સાચી હકીકતો લોકો સમક્ષ રજૂ કરવા અપીલ કરી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, મરાઠા ક્વોટા અંગે જારી કરાયેલા સરકારી આદેશ (GR) અન્ય ઓબીસીના અધિકારોને અસર કરશે નહીં અને આ શ્રેણી માટેનો લાભ બનાવટી વ્યક્તિઓને મળશે નહીં. મહારાષ્ટ્ર સરકાર ઓબીસી અને મરાઠા સહિત તમામ સમુદાયોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. આ મુદ્દા પર અતિશય રાજકારણ કરવામાં આવી રહ્યું છે અને એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે કે ઓબીસી અનામત સમાપ્ત થઈ ગયું છે. આ ઓબીસી વિદ્યાર્થીઓની માનસિકતાને અસર કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સરકારી આદેશ જાહેર થયાના થોડા અઠવાડિયા પછી ઘણાં ઓબીસી, આદિવાસી અને બંજારા સંગઠનોએ સરકારને આ આદેશ પાછો ખેંચવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવાની ચેતવણી આપી છે. વિવિધ જાતિ જૂથોએ દલીલ કરી છે કે મરાઠા સમુદાયના સભ્યોને ઓબીસી કુણબી જાતિ પ્રમાણપત્રો મેળવવાની મંજૂરી આપવા માટે હૈદરાબાદ ગઝટ લાગુ કરવાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો પર અસર પડશે.

બંજાર સંગઠન ગોર સેનાના પ્રમુખ સંદેશ ચૌહાણે કહ્યું કે, અમને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવ્યા હતા અને હૈદરાબાદમાં અમને અનામત મળે છે. અમે ઈચ્છીએ છીએ કે અમારા સમાન અધિકારો અહીં પણ પુનઃસ્થાપિત થાય. ધારાશિવના ૩૨ વર્ષીય બંજારાના સ્નાતકએ શનિવારે અનામતની માંગણી કરતા આત્મહત્યા કરી હતી અને અનુસૂચિત જનજાતિ અનામતની માંગણી પાછળ એક નોંધ છોડી દીધી હતી. નોંધનીય છે કે, ૧૧મી સપ્ટેમ્બરથી બંજાર સમુદાયના લોકો જાલના કલેક્ટર ઓફિસની બહાર અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર બેઠા છે, જ્યારે આ સમુદાયના વરિષ્ઠ નેતા હરિભાઉ રાઠોડે સોમવારે જાલના અને બીડમાં કૂચ કાઢવાની જાહેરાત કરી છે.

## તંત્રી લેખ...

# વડોદરામાં નશામાં ધુત પોલીસકર્મી ઝડપાયો

ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો જાણે કોઈને ડર જ ન હોય તેમ, ખુદ ખાખીધારી જ કાયદાની મજાક ઉડાવી રહ્યા હોય તેવું ફરી એકવાર સામે આવ્યું છે. વડોદરા શહેરના ચાંપાનેર પોલીસચોકી પાસે ગઈકાલે રાત્રે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા એક હેડ કોન્સ્ટેબલ નશામાં ધૂત હાલતમાં ઝડપાયા હતા. તેમનું નામ સંજયસિંહ પ્રતાપસિંહ રાઠોડ છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, હેડ કોન્સ્ટેબલ સંજયસિંહ રાઠોડ દારૂના નશામાં લોકો સાથે ગાળાગાળી અને ઝઘડો કરી રહ્યા હતા. તેમનો વ્યવહાર એટલો અભદ્ર હતો કે સ્થાનિકોએ તેમનો વીડિયો ઉતારવાનું શરૂ કર્યું. આ જોતા જ પોલીસકર્મીએ વીડિયો ઉતારનારનો મોબાઈલ છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સંજયસિંહનું મોઢું સૂંઘતા તેમાંથી દારૂની તીવ્ર વાસ આવતી હતી. તેમની આંખો પણ લાલઘૂમ હતી અને તેઓ લથડિયા ખાતા જોવા મળ્યા હતા. પંચની હાજરીમાં કરવામાં આવેલી તપાસમાં પોલીસકર્મીએ નશો કર્યો હોવાનું સાબિત થયું હતું. વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે સંજયસિંહ સવારથી સાંજ સુધીની ડ્યુટી પર હતા અને ત્યાર બાદ તેઓ નાસ્તો લેવા માટે ચાંપાનેર દરવાજા ગયા હતા, જ્યાં હંગામો મચાવ્યો હતો. નશાની હાલતમાં પકડાયેલા આ પોલીસકર્મીને વધુ કાર્યવાહી માટે પોલીસને સોંપવામાં આવ્યો છે. આ ઘટનાએ ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં તેના પાલન અંગે અનેક સવાલો ઉભા કર્યા છે. તેમની આંખો પણ લાલઘૂમ હતી અને તેઓ લથડિયા ખાતા જોવા મળ્યા હતા. પંચની હાજરીમાં કરવામાં આવેલી તપાસમાં પોલીસકર્મીએ નશો કર્યો હોવાનું સાબિત થયું હતું.વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે સંજયસિંહ સવારથી સાંજ સુધીની ડ્યુટી પર હતા અને ત્યાર બાદ તેઓ નાસ્તો લેવા માટે ચાંપાનેર દરવાજા ગયા હતા, જ્યાં હંગામો મચાવ્યો હતો. નશાની હાલતમાં પકડાયેલા આ પોલીસકર્મીને વધુ કાર્યવાહી માટે પોલીસને સોંપવામાં આવ્યો છે. આ ઘટનાએ ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં તેના પાલન અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

## ‘અમૃતકાળ’ના સ્વપ્નદ્રષ્ટાના અમૃતવર્ષ નિમિત્તે ઋણ-સ્વીકાર સાથે વંદન સહ અભિનંદન



**‘‘પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?**
**હું પડકાર ઝીલનારો માણસ છું.**
**હું તેજ ઉછીનું લઉં નહીં,**
**હું જાતે બળતું ફાનસ છું’’.**

આ કાવ્યપંક્તિના રચયિતા છે શ્રી નરેન્દ્ર મોદીજી

નરેન્દ્ર મોદીજી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદીજી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું છે. પરંતુ તેમના ૭૫માં જન્મ દિવસે તમામ ગુજરાતીઓ વતી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ‘આભાર મોદીજી’ કહેવાની તક મળી છે. આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ. ૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે. ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી

- જ્યારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.
- ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેકર રાજ, માફિયા રાજ, કર્ફ્યુ રાજ જેવા બધા ‘નકારાત્મક રાજ’ને વિદાય આપી અને સાચા અર્થમાં ‘વિકાસરાજ’ને પ્રસ્થાપિત કર્યું.

**આજે શ્રાદ્ધનું જમવા જવાનું હોવાથી રસોઈમાં થોડી નિરાંત હતી, અને હું એટલે કે નિરાલી ધોળકિયા છાપું વાંચવા બેઠી!**

# અનસૂયા બહેન વિદેશ શું કામ ગયાં? અને અનિલભાઈનો એની સાથે શું સંબંધ હતો?





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**એક દિવસ મોહિત સવારની ચા પીતો હતો, ત્યાં જ તેના એક મિત્રનો વિલાયતથી ફોન આવ્યો, અને વાતમાંથી વાત નીકળી, કે તેનાં એક મિત્રની પત્નીને ડીલીવરી આવવાની છે. પણ બંને પક્ષમાંથી કોઇ વડીલ હયાત નથી, એટલે ઇન્ડિયાથી કોઈ એ ઉંમરની સ્ત્રીને હાયર કરવા માંગે છે. આવવા જવાની ટિકીટ ઉપરાંત આઠ દસ મહિના રહેવા જમવાનું ફ્રી અને એક લાખ ડોલર રોકડા પણ આપશે. પછી તો આડી અવળી વાતચીત કરીને ફોન મૂકી દીધો**

હમણાં શ્રાદ્ધ પક્ષ ચાલે છે, જોકે આજે અગિયારસ છે, એટલે હવે ચાર દિવસમાં ઘર ઘર માતાજી પધારશે. જેમણે માતાપિતા જીવતાં માન આપ્યું હોય એણે, અને જીવતા હડધૂત કર્યા હોય એવાં, દરેકે પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કે તર્પણ કર્યું હશે! બ્રાહ્મણ જમાડ્યાં હશે! દાન દક્ષિણા આપી હશે! કોઈ કોઈ તો તીર્થમાં જઈ નદી તટે વિધિવત પૂજા કરી પીંડ દાન દઈ શ્રાદ્ધ કર્યું હશે! પણ સાચવ્યા હોય એણે લાગણીથી શ્રાદ્ધ કર્યું, અને જેણે સાચવ્યા નથી એણે પિતૃ નડશે એવાં ભયથી શ્રાદ્ધ કર્યું હશે! કળિયુગ છે અને સંતાનો પોતાનાં માતાપિતાથી સ્વતંત્ર રહે, સંપત્તિ માટે ઝઘડો કરે કે પછી વૃદ્ધાશ્રમમાં મૂકી આવે, એવું તો બધાએ સાંભળ્યું હશે! પણ આ તો રુપિયા માટે ભલી ભોળી માતાને... , આજે આવો જ કિસ્સો બુધવારની બોધકથા.

આજે શ્રાદ્ધનું જમવા જવાનું હોવાથી રસોઈમાં થોડી નિરાંત હતી, અને હું એટલે કે નિરાલી ધોળકિયા છાપું વાંચવા બેઠી! આગલા પેજ પર તો એકનાં એક રાજકારણ અને યુદ્ધનાં સમાચાર હતાં, એટલે બીજા અને ત્રીજા પાનનાં સમાચાર વાંચતી હતી! ત્યાં એક સમાચારનું હેંડીંગ વાંચીને જ અરેરાટી થઈ ગઈ, કે દીકરી વેંચી હોય,બહેન વેંચી હોય, અને પત્ની વેચી હોય,એવા દાખલા તો સમાજે જોયા પણ હશે, અને ક્યાંક ક્યાંક વાંચ્યા પણ હશે. પરંતુ ‘‘મા’’ ને વેચી હોય એવો દાખલો તો કદાચ આ પ્રથમ હશે! વૃદ્ધાશ્રમમાં મુકી આવ્યાં હોય, તેવાં દાખલા તો હાલતાં ચાલતાં જોવા મળે છે, પણ સાવ આવું!!છાપાંમાં તો બીજા નામ સાથે આ કિસ્સો રજૂ કરવામાં આવ્યો હતો, પણ લેખિકા હોવાથી મેં એ સત્ય ઘટનાને નામ બદલીને એક વાર્તાનું રુપ આપ્યું...

એક દિવસ મોહિત સવારની ચા પીતો હતો, ત્યાં જ તેના એક મિત્રનો વિલાયતથી ફોન આવ્યો, અને વાતમાંથી વાત નીકળી, કે તેનાં એક મિત્રની પત્નીને ડીલીવરી આવવાની છે. પણ બંને પક્ષમાંથી કોઈ વડીલ હયાત નથી, એટલે ઈન્ડિયાથી કોઈ એ ઉંમરની સ્ત્રીને હાયર કરવા માંગે છે. આવવા જવાની ટિકીટ ઉપરાંત આઠ દસ મહિના રહેવા જમવાનું ફ્રી અને એક લાખ ડોલર રોકડા પણ આપશે. પછી તો આડી અવળી વાતચીત કરીને ફોન મૂકી દીધો. પણ મોહિતના મનમાં લાખ ડોલરનો મોહ પેસી ગયો, એને એમ થયું કે માને વિલાયત જોવાઈ જશે, અને આટલાં રૂપિયા પણ મળશે.

અનસુયાબેન એટલે કે મોહિતના મમ્મી બાળ વિધવા થયાં હતાં, અને એકનાં એક દીકરાને કેટલા સંઘર્ષ સાથે મોટો કર્યો, રૂપિયા પૈસાની તંગી હોવા છતાં પણ લાડકોડથી ઉછેર્યો હતો. ભલા ભોળા અનસુયાબેનની ભાવના સાથે તેના સગા દિકરા એ ધોકો કર્યો, અને પોતાનાં મિત્રની પત્નીને મદદરૂપ થવા જવાનું છે,એમ કરી પોતાની માતાને વિલાયત મોકલી દીધાં, અને એક લાખ ડોલર લઈ લીધા, અને પછી તો રુપિયાની ચકાચૌંધ માં માતા વિસરાઈ ગઈ, અને પાછી તેડાવવાનુ નામ જ લેતો નહોતો, એ લોકો સારા હતાં એટલે એક લાખ ડોલર તો દિકરો લઈ ગયો છે, એ ખબર પડતાં તે ઉપરાંત દર મહિને અમુક ડોલર આપતાં! અને મા બિચારી એમાંથી પણ અમુક દિકરાને મોકલતી. મોહિત પણ ઈમોશનલ બ્લેક મેઈલ કરી રુપિયા પડાવતો હતો! પણ અનસુયા બેનની તકદીર સારી હતી, એટલે એ દંપતીને જાણ થતાં એમણે તેને માતાનું સ્થાન અને માન આપ્યું! વિલાયતમાં દસ મોટેલ ધરાવતા એ અનિલ ભાઈ એ, નાનપણમાં માતા ગુમાવ્યા હતા, એટલે કાયદેસર તેમને દત્તક લીધા. તેમના આવ્યાં પછી અત્યાર સુધી ગર્ભ રહેવા છતાં, બાળક કોઈ ને કોઈ કારણસર જીવતું નહીં તે જીવી ગયું, ધંધામાં પણ ખૂબ નફો થયો,તેમણે બીજી પણ મોટેલ ખરીદીને તેનું નામ અનસૂયા રાખ્યું! જે દિકરા માટે જાત ઘસી નાખી એણે વેંચી દીધી, પણ જેને માતાનાં પ્રેમથી વંચિત હતાં એમણે અનસૂયા બેનને મા નું સ્થાન આપ્યું અને જીંદગી ભર આ સંબંધ નિભાવ્યો.

કહેવત છે ને કે દુઃખનાં દિવસ જટ વિતે નહીં અને સુખના દિવસો બહુ ઝડપથી ચાલ્યા જાય! અનસૂયા બેન ભર્યા પૂર્યા પરિવાર વચ્ચે જીવતાં સુખ અને શાંતિ થી જીવતા હતાં, એમાં છાતીમાં દુઃખાવાની ફરિયાદને કારણે ડોક્ટર પાસે ગયાં તો ડોક્ટરે કહ્યું તમને તો હાર્ટમાં છેદ છે અને ઓપરેશન કરવું પડશે! અનસૂયા બહેન આ ઉંમરે હવે કોઈ કાપકૂપ કરાવવા માંગતા નહોતા, પણ એમણે અનિલભાઈ ને કહ્યું કે, બેટા એક ઈચ્છા છે! જો તને યોગ્ય લાગે તો! અનિલભાઈ ને થયું સગા દિકરાને મળવા માંગતા હશે ! આખરે મા છે! પણ એમણે કહ્યું કે ના મારે એક જ દિકરો છે અને એ તમે! એણે તો કોઈ દિવસ ફોનથી પણ મારી ખબર લીધી નથી! આ તો તમે બંને સારા છો નહીં તો આ અજાણ્યા પ્રદેશમાં મારું શું થાત? એમ બોલતાં એની આંખો ભરાઈ આવી. અનિલભાઈ એની બાજુમાં બેસી કહ્યું મા જે થાય તે સારા માટે થાય ! મારા નસીબમાં તમારા જેવા પ્રેમાળ મા નો પ્રેમ લખ્યો હતો! બોલો તો બીજી શું ઈચ્છા છે! અનસૂયા બહેને કહ્યું કે દિકરા! ઈશ્વરનું તેડું આવે એ પહેલાં એકવાર ગંગા સ્નાન કરવું છે! અનિલભાઈ પોતાની માતાની ઈચ્છા પૂરી કરવાં તાત્કાલિક પ્લેનની ટિકિટ બુક કરે છે, અને અનસૂયા બહેન સૌને અનિલભાઈ ના આખાં પરિવારને મળીને આભાર માનીને ભારત આવે છે, અને એમને ગંગા સ્નાન કરાવે છે, પણ વિધિનું વિધાન કોણ ટાળી શકે છે! ગંગા સ્નાન કરી અનસૂયા બહેનને જન્મોજન્મનાં પાપ ધોવાય ગયાની લાગણી થઈ, અને અનિલભાઈને ખૂબ આશીર્વાદ આપી, એમનાં ખોળામાં જ સંતોષથી જ પ્રાણ ત્યાગી વૈકુંઠ તરફ પ્રયાણ કર્યું. સગો દિકરાની જેમ જ અનિલભાઈ એ કાશીમાં ગંગા કિનારે અંતિમવિધિ કરી, અસ્થિ વિસર્જન પણ કર્યું. અનિલભાઈ ભારતથી પાછાં ફરવાને બે દિવસની વાર હતી, તો એને થયું કે મા હવે નથી રહ્યાં એની જાણ એનાં દિકરાને કરું! અને પોતાના જે મિત્ર એ મોહિત નો ફોન નંબર આપ્યો હતો એની પાસેથી નંબર અને એડ્રેસ લઈ, મોહિતને ત્યાં પહોંચે છે! મોહિત ને થયું કે મા ની જવાબદારી થી કંટાળી ગયા હશે, અને એટલે પછી મુકવા આવ્યાં હશે! એટલે પોતે કોણ અનસૂયા બહેન! હું એને ઓળખતો નથી! મારી માતા તો ગામડે... અનિલભાઈ એ એને અધવચ્ચે અટકાવીને કહ્યું! ભાઈ હવે એ બહુ દૂરના દેશે ચાલી નીકળી છે, અને ગંગાકિનારે હું એનું અસ્થિ વિસર્જન કરીને આવ્યો છું, અને હું જ દર વર્ષે એનું શ્રાદ્ધ પણ કરીશ. આમ કહીને અનિલભાઈ મોહિતનાં જવાબની રાહ જોયા વગર જ ઉભા થઈ ચાલવા લાગ્યા! અને મા હવે નથી રહી એ સાંભળીને મોહિત નું હદય એક બે ધબકારા ચૂકી ગયું, પણ પછી યંત્રવત્ ચાલવા લાગ્યું! બિલકુલ મોહિત જેમ જ..

**પ્રકૃતિના કોઈ પણ ગુણ શિવજીમાં નહીં હોવાથી શિવ નિર્ગુણ બ્રહ્મ છે. વિધિનિષેધથી પર પરમાત્મા છે. શાસ્ત્રની પ્રવૃત્તિ, વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે, શિવજી માટે નથી.**

# શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શંકર-પાર્વતીના લગ્ન વખતની વાત છે. લગ્ન વખતે ત્રણ પેઢીનું વર્ણન કરવાનું હોય છે. શિવજીને પૂછવામાં આવ્યું, તમારા પિતાનું નામ બતાવો. શિવજી વિચારમાં પડી ગયા. મારા પિતા કોણ? મહા રુદ્ર શિવનો જન્મ નથી નારદજી એ શિવજીને કહ્યું,બોલો ને,પિતા બ્રહ્મા! શિવ કહે,બ્રહ્મા! પછી પૂછવામાં આવે છે,દાદા કોણ,તો કહે વિષ્ણુ દાદા!પછી પ્રશ્ન થયો, વડદાદા કોણ?હવે કોનું નામ દેવું?ફટ દઇને શિવજી બોલ્યા,હું જ સર્વનો વડદાદો છું.**

ભગવદ ગીતા જ્ઞાનમાં આગળ જોઇએ તો દક્ષ પ્રજાપતિની નાની કન્યા સતીનું લગ્ન શિવજી સાથે થયું. દક્ષ પ્રજાપતિએ શિવજીનું અપમાન કર્યું એટલે સતીએ પોતાનું શરીર યજ્ઞમાં હોમી દીધું.ભગવાન શંકર સચરા ચર જગત ના આદિગુરુ છે.સર્વ મંત્રના આચાર્ય શિવજી હોવાથી ગુરુ માની મંત્રદીક્ષા લેવી હવે મૈત્રે યજી શિવજી સાથે દક્ષ પ્રજાપતિ એ વેર કર્યું તેની કથા કહે છે: પ્રાચીન કાળમાં પ્રયાગરાજમાં મોટું બ્રહ્મસત્ર થયું.તિગ્રહીન યોગ થાયત્યારે કુંભ થાય છે.ગરુડ અમૃત કુંભ લઈ જતા હતા.ચંદ્ર, સૂર્ય અને ગુરુએ ત્રણેયે અમૃત કુંભનું રક્ષણ કર્યું હતું.પ્રયાગરાજ માં મોટું બ્રહ્મ સત્ર થયું.સભામાં શિવજી અધ્યક્ષ સ્થાને છે. શિવજી ભગવાન નારાયણનું ધ્યાન કરે છે. સભામાં કોણ આવ્યું અને કોણ ગયું તેનું તેમને ભાન નથી.એવામાં દક્ષ પ્રજાપતિ ત્યાં આવ્યાં.બીજા દેવોએ ઊઠીને તેમને માન આપ્યું. શિવજી ઊભા થયા નહીં.તે જોઈ દક્ષને ક્રોધ ચડ્યો અને ક્રોધમાં તે શિવજીની નિંદા કરવા લાગ્યો.શ્રીધર સ્વામી એ આ નિંદાના વચનોમાંથી પણ શિવની સ્તુતિરૂપ અર્થ કાઢ્યો છે.

દક્ષપ્રજાપતિ નિંદામાં બોલ્યા છેકે શિવ સ્મશાનમાં રહેનાર છે,પરંતુ એ નિંદા સ્તુતિરૂપ બની જાય છે. આખું જગતએ સ્મશાન છે.કાશી મહાન સ્મશાન છે.શરીર એ પણ સ્મશાન છે.આમ આખું જગત સ્મશાનરૂપ હોવાથી અને શિવ જગતના પ્રત્યેક પદાર્થમાં રહેલા હોવાથી વ્યાપક બ્રહ્મરૂપ છે. જગતની પ્રત્યેક વસ્તુમાં શિવ તત્ત્વ છે.

ભગવાન શંકર આસુતોષ છે. શિવજીના દરબારમાં ઋષિઓ આવે,દેવો આવે,દાનવો આવે, રાક્ષસો આવે,ભૂતપિશાચ પણ આવે.શિવજીનો દરબાર બધામાટે ખુલ્લો છે.રામજીના દરવાજે હનુમાનજી ગદા લઈને ઊભા છેને પૂછે!તમેમારા રામજીની જેમ બંધુ પ્રેમ રાખ્યો છે? સંયમ રાખ્યો છે?પરસ્ત્રીને માતા સમાન ગણી છે?રામજીની દરેક મર્યાદાનુંપાલનકરો તો રામજીના દરબારમાં પ્રવેશમળે નહીં તો હનુમાનજી ગદામારીને પાછા કાઢે.રામજીરાજાધિરાજ છે તેમનાં દર્શન રાત્રે બારવાગ્યા પછી ન થાય.શિવજીનાં દર્શન ગમેત્યારે થઈ શકે.કનૈયો કહે છે,મારા દરબારમાં આવવું હોય તો ગોપી બનવું પડશે જેની અપેક્ષા બહુ ઓછી હોયછે તે અતિ ઉદાર થઈ શકે છે.

એક વખતે કુબેરભંડારી શિવજીને પૂછે છે,હું તમારી શું સેવા કરું? ત્યારે શિવજી કહે કે,મારી જેમ નારાયણ નારાયણ કર!પણ માતાજીએ કુબેરને કહ્યું,મારા માટે સોનાનો બંગલો બાંધ.કુબેરેસુવર્ણ નો મહેલ બાંધ્યો.વાસ્તુ પૂજા કર્યા વગર તો બંગલામાં જવાય નહીં. એટલે રાવણને વાસ્તુપૂજા કરાવવા બોલાવ્યો અને રાવણે વાસ્તુપૂજા કરાવી.

પછી શિવજીએ રાવણને કહ્યું, માગ માગ. માગે તે આપું! રાવણે કહ્યું,આ તમારો મહેલ મને આપી દો.માગનારને ન આપવું એ મરણ સમાન છે.શિવજીએ બંગલો રાવણને આપી દીધો.પછી રાવણ કહે,મહારાજ,બંગલો સુંદર આપ્યો હવે આ પાર્વતી આપો. શિવજી કહે,તને જરૂર હોય તો તું લઈ જા.જગતમાં આવો દાન વીર થયો નથી.રાવણ માતાજીને ખભે બેસાડી લઈ જાયછે.પાર્વતીજીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું શ્રીકૃષ્ણ ગોવાળ થઈ રસ્તામાં આવ્યા. રાવણને પૂછે છે,આ કોને લઈ જાયછે?રાવણ કહે છે, શંકર ભગવાને મને પાર્વતી દઈ દીધી છે

શ્રીકૃષ્ણ કહે, તું કેવો ભોળો છે! પાર્વતી કદી આપતા હશે?અસલ પાર્વતીને તો પાતાળમાં સંતાડી રાખી છે.આ તો તને પાર્વતીની દાસી આપી.દક્ષ કહે છે,શિવ સ્વૈરચારી છે તથા ગુણહીન છે.

પ્રકૃતિના કોઈ પણ ગુણ શિવજી માં નહીં હોવાથી શિવ નિર્ગુણ બ્રહ્મ છે.વિધિનિષેધથી પર પરમાત્મા છે.શાસ્ત્રની પ્રવૃત્તિ, વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે,શિવજી માટે નથી.

દક્ષ પ્રજાપતિ કહે છે, આજથી કોઈ યજ્ઞમાં બીજા દેવો શિવજીને આહુતિ આપવામાં આવશે નહીં. હાસ્તો,બીજા દેવોની સરખામણી માં શિવજીને મૂકાય જ કેમ?શિવજી તો દેવોના દેવ મહાદેવ છે. ઈતર દેવો પહેલાં શિવજીને આહુતિ આપવામાં આવશે અને યજ્ઞમાં જેટલું વધે તેટલું સમાપ્તિ માં શિવજીને આપવામાં આવશે.

શંકર-પાર્વતીના લગ્ન વખતની વાત છે. લગ્ન વખતે ત્રણ પેઢીનું વર્ણન કરવાનું હોય છે. શિવજીને પૂછવામાં આવ્યું, તમારા પિતાનું નામ બતાવો. શિવજી વિચારમાં પડી ગયા. મારા પિતા કોણ? મહા રુદ્ર શિવનો જન્મ નથી નારદજી એ શિવજીને કહ્યું,બોલો ને,પિતા બ્રહ્મા! શિવ કહે,બ્રહ્મા! પછી પૂછવામાં આવે છે,દાદા કોણ,તો કહે વિષ્ણુ દાદા!પછી પ્રશ્ન થયો, વડદાદા કોણ?હવે કોનું નામ દેવું?ફટ દઈને શિવજી બોલ્યા,હું જ સર્વનો વડદાદો છું.

શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી,એટલે નિંદા સહન કરી. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે એ મહાપુરુષ,એ સંત. જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે.બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે.કલહ વધારે એ વૈષ્ણવ નહીં.એટલે શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી. સભામાં નંદિકેશ્વર બીરાજેલા હતા નંદિકેશ્વરથી આ સહન થયું નહીં. નંદિકેશ્વરે દક્ષને ત્રણશ્રાપ આપ્યા છે. જે મુખથી શિવજીની નિંદા કરી છે,તેથી તારું માથું તૂટી પડશે તને બકરાનું માથું ચોંટાડવામાં આવશે.તને કોઈ દિવસ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થશે નહીં.

શિવ નિંદા કરનારને મુક્તિ મળી નથી. શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી. પછી શિવજી કૈલાસ આવ્યા. તેમણે મનમાં કાંઈ રાખેલું નહીં. સતીને પણ કાંઈ કહ્યું નહીં.તે પછી દક્ષ પ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં યજ્ઞનો આરંભ કર્યો.કહે કે મારા યજ્ઞમાં હું વિષ્ણુની પૂજા કરીશ પણ શિવજીની નહીં કરું. દેવોએ કહ્યું કે,તારો યજ્ઞ સફળ થશે નહીં.છતાં દુરાગ્રહથી દક્ષે યજ્ઞ કર્યો.જે યજ્ઞમાં શિવપૂજા નથી ત્યાં ભગવાનવિષ્ણુ પધારતા નથી.બ્રહ્મા-દધિચિ પણ યજ્ઞમાં ગયા નથી.કેટલાક દેવો કલહ જોવાની મજા પડશે એ આશાએ નીકળ્યા છે.

તેમને જતા જોઈ સતીએ પૂછ્યું તો ખબર પડી કે, એ બધા એના પિતાના યજ્ઞમાં જાય છે.દક્ષે દ્વેષ બુદ્ધિથી શિવજીને આમંત્રણ આપેલું નહીં.સતી જાણતાં નથી કે, મારા પતિ અને પિતા વચ્ચે અણબનાવ છે.સતીને પિતાને ત્યાં જવાનું મન થયું.

શિવજી કહે છે કે,તારા પિતાએ મને યજ્ઞનું નિમંત્રણ આપ્યું નથી અને મારું અપમાન કર્યું છે.તેથી ત્યાં જવામાં સાર નથી પણ સતી પિયર જવાની હઠ છોડતાં નથી. શિવજી કહે છે કે,ત્યાં જવાથી તમારું અપમાન થશે.તમેઅપમાન સહન નહીં સહી શકો ને અનર્થ થશે પણ સતીએ માન્યું નહીં. તેણે વિચાર્યું કે,હું યજ્ઞમાં જઈને પિતા-પતિમાં વેર ઉત્પન્ન થયું છે તેની શાંતિ કરીશ. સતીને જવા તૈયાર થયેલાં જોઈ શિવજી એ શિવગણોને આજ્ઞા કરી કે,તમે પણ સાથે જાવ.સતી યજ્ઞમંડપ માં આવે છે.સૌ તેને માન આપે છે. ઋષિઓ માન આપે છે, પણ તેથી સતીને સંતોષ થયો નહીં. શ્રાધ્ધ પક્ષમાં મૃતાત્મા,પિતૃ તપણ અર્પણ ભાવ શ્રદ્ધા આસ્થાપૂર્વક કરીએ એ જ ભાવ શ્રદ્ધા આસ્થાપૂર્વક જીવિત માતાપિતા વડીલોની સેવા કરી તેમના અંતર આત્માના આશીર્વાદ મેળવવા પ્રયત્ન કરીએ. એ જ સાચું છે બાકી બધું જ દેખાડારૂપ છે: આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# હુમા કુરેશીએ રચિત સિંઘ સાથે સગાઈ કરી, મિત્રોની પોસ્ટે સંબંધ જાહેર કર્યો

## હુમા કુરેશી તાજેતરમાં જ તેની ફિલ્મ 'બયાન' સાથે ટોરન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી

હુમા કુરેશી તાજેતરમાં જ તેની ફિલ્મ 'બયાન' સાથે ટોરન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી. આ ફિલ્મ સાથે તે પ્રોડ્યુસર તરીકે ડેબ્યુ કરી રહી છે. અંગત જીવનમાં તેનાથી પણ મહત્વની ઘટના બની હોવાના અહેવાલો છે. તેણે તેના લાંબા સમયથી બોયફ્રેન્ડ રહેલા એક્ટિંગ કોચ રચિત સાથે સગાઈ કરી લીધી હોવાના અહેવાલો છે. તેમના નજીકના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "હુમા અને રચિત લાંબા સમયથી એકબીજા સાથે છે અને એકબીજાથી ખુબ નજીક છે. રચિતે અંગત રીતે તેને પ્રપોઝ કરી છે અને હુમાએ સ્વીકારી પણ લીધી છે. આ ઘટના યુએસમાં બની છે. જોકે, તેઓ આ બાબતને જાહેર કરવાનો સમય નક્કી કરી રહ્યાં છે."તાજેતરમાં જ તેમના નજીકના મિત્ર અને ગાયક આકાશ સિંઘે જ્યારે તેમની બંનેની સાથે અભિનંદન આપતી કેપ્શન સાથેનો ફોટો શેર કર્યો હતો.



ત્યારથી આ ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલના લગ્નમાં પણ હુમા રચિત સાથે હાજર રહી હતી. તેમાં પણ લોકોને તેમની બંને વચ્ચેની કેમેસ્ટ્રી નજરમાં આવી હતી. ઘણા લોકો રચિત કોણ છે, એ જાણવામાં રસ લેવા લાગ્યા હતા. રચિતના જન્મ દિવસ દરમિયાન પણ હુમા તેની સાથે જોવા મળી હતી. ત્યારથી તેમની સગાઈ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. રચિત પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલો છે અને તેણે આલિયા ભટ્ટ, રણવીર સિંહ, વિકી કૌશલ જેવા કલાકારોને ટ્રેઈન કરવા માટે જાણીતો છે. તેણે કર્મા કોલિંગ સિરીઝમાં એક્ટિંગ ડેબ્યુ કર્યું હતું.

# ઐશ્વર્યા-અભિષેક બાદ કરણ જોહર દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યો

## કરણ જોહરે સોમવારે દિલ્હી હાઈકોર્ટમાં પોતાની ઓળખ અને પ્રચાર અધિકારોના રક્ષણની માંગણી કરી છે

ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન પછી, હવે પ્રોડ્યુસર-ડિરેક્ટર કરણ જોહરે પણ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે જેમાં તેમની પરવાનગી વિના તેમના ફોટા, અવાજ અને અન્ય વ્યક્તિગત પ્રતીકોનો ઉપયોગ ન કરવાની માંગ કરવામાં આવી છે.સમાચાર એજન્સી અનુસાર, કરણ જોહરે વ્યક્તિત્ત્વ અધિકારોના રક્ષણ માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. તેણે લોકોને તેના નામે ગેરકાયદેસર રીતે વસ્તુઓ વેચતા અટકાવવાની માંગ કરી છે. કરણ જોહરે સોમવારે દિલ્હી હાઈકોર્ટમાં પોતાની ઓળખ અને પ્રચાર અધિકારોના રક્ષણની માંગણી કરી છે.કરણ જોહરની અરજી ન્યાયાધીશ મનમીત પીએસ અરોરા સમક્ષ સુનાવણી માટે આવી છે, જેમણે તેમના વકીલ પાસેથી કેટલીક સ્પષ્ટતાઓ માંગી છે. તેમના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોના રક્ષણ ઉપરાંત, કરણ જોહરે કોર્ટને વિનંતી કરી છે કે તેઓ ચોક્કસ વેબસાઈટ્સ અને પ્લેટફોર્મ્સને તેમના નામ અને ફોટો મગ અને ટી-શર્ટ અને અન્ય વસ્તુઓ ગેરકાયદેસર રીતે વેચવા ન દેવાનો આદેશ આપે.આ કેસમાં, ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનને



પણ દિલ્હી હાઈકોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે ઓનલાઈન પ્લેટફોર્મ પર એક્ટરનું નામ, ફોટા અને અવાજનો ઉપયોગ તેમની પરવાનગી વિના કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ઉપરાંત, અભિષેકના એઆઈ-જનરેટેડ ફોટાના ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન પહેલાં, એક્ટર જેકી શ્રોફે પણ આ વર્ષે મે મહિનામાં કોર્ટનો સંપર્ક કર્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે તેની છબી અને વીડિયો બદલીને પરવાનગી વિના માલ વેચવામાં આવી રહ્યો છે. તે સમયે, કોર્ટે તેમના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોનું પણ રક્ષણ કર્યું હતું.વર્ષ ૨૦૨૩માં, કોર્ટે અનિલ કપૂરની ફોટો, અવાજ અને તેમના 'ઝાકાસ' કેચફ્રેઝના દુરુપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. તે જ સમયે, નવેમ્બર ૨૦૨૨માં, અમિતાભ બચ્ચનના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોનું પણ રક્ષણ કરવામાં આવ્યું હતું.

# શાહિદ કપૂર-તૃપ્તિ સાથે વિશાલ ભારદ્વાજ બનાવશે 'ઓ'રોમિઓ'

ઘણી અટકળો અને ચર્ચાઓ પછી અંતે વિશાલ બારદ્વાજ અને શાહિદ કપૂરની ફિલ્મનું નામ જાહેર થઈ ગયું છે. ફિલ્મ પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ વિશાલ ભારદ્વાજની આવનારી ફિલ્મના નામની જાહેરાત કરી છે, તૃપ્તિ ડિમરી અને શાહિદ કપૂરની આ ફિલ્મનું નામ 'ઓ'રોમિયો' છે. આ ફિલ્મ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬એ રિલીઝ થશે.સાજીદ નડિયાદવાલાની આ જાહેરાતે ઘણી ચર્ચાઓ જગાવી છે. માત્ર શાહિદ અને તૃપ્તિ માટે નહીં પણ ખાસ તો વિશાલ ભારદ્વાજ અને સાજિદ નડિયાદવાલા જોડાયા તે પણ એક ચર્ચાનો વિષય છે. સાજીદ નડિયાદવાલા સામાન્ય રીતે સફળ કમર્શીયલ ફિલ્મ બનાવવા માટે જાણીતા પ્રોડ્યુસર છે. જ્યારે વિશાલ ભારદ્વાજે પોતાની વાર્તા કહેવાની અલગ પ્રકારની શૈલી અને ગંભીર ફિલ્મ માટે એક અલગ છાપ ઉભી કરી છે. ત્યારે હવે આ ફિલ્મ માટે આ બંને એકઠા થવાથી સર્જનાત્મક રીતે એક ઊંડાણ ધકવતી ફિલ્મ સાથે સામાન્ય લોકોને પસંદ પડે એવી કમર્શીયલ ફિલ્મ હોવાની અપેક્ષાઓ છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, જેમાં





શાહિદ કપૂર એક મજબૂત અને ઈન્ટેન્સ રોલમાં જોવા મળશે. શાહિદ અને વિશાલ ભારદ્વાજ આ પહેલાં પણ અલગ અલગ પ્રકારની ફિલ્મ આપી ચૂક્યા છે. ત્યારે હવે ગેંગસ્ટરના રોલમાં શાહિદ એક અલગ દૃષ્ટિકોણ લઈને આવશે તેવી અપેક્ષા છે. તૃપ્તિ ડિમરી પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. આ સિવાય નાના પાટેકર, પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. નડિઆદવાલા એન્ડ ગ્રાન્ડ સન્સના બેનરની આવતા વર્ષની મહત્વની ફિલ્મ રિલીઝમાં આ ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ ૨૦૨૬ના વેલેન્ટાઈન વીકમાં રિલીઝ થશે.

### હિન્દી વર્ઝનથી આશરે રૂ. ૧૮૪.૯૯ કરોડની કમાણી કરી

# 'વોર ૨' ફિલ્મ હવે ઓટીટી પર રિલીઝ કરવા નિર્ણય

૧૪ ઓગસ્ટના રોજ, સ્વતંત્રતા દિવસના સપ્તાહના અંતે, ઋતિક રોશન અને જુનિયર એનટીઆરની 'વોર ૨' અને રજનીકાંત સ્ટાર કુલી વચ્ચે બોક્સ ઓફિસ પર જોરદાર ટક્કર થઈ. વોર (૨૦૧૯) ની સિક્વલ અને વાયઆરએફ સ્પાય યુનિવર્સની છઠ્ઠી ફિલ્મને થિયેટરોમાં દર્શકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો. આ સાથે, તે બોક્સ ઓફિસ પર તેનું બજેટ પણ પુનઃપ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ. જો કે, ચાહકો આ ફિલ્મના ઓટીટી રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.વોર ૨ ના થિયેટર વર્ઝનમાં નેટફિલક્સ સત્તાવાર રીતે ઓટીટી પાર્ટનર તરીકે પુષ્ટિ કરવામાં આવી હતી. જોકે ફિલ્મની રિલીઝ તારીખ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, છ થી આઠ અઠવાડિયાની સામાન્ય થિયેટર-ટુ-ડિજિટલ વિન્ડો સૂચવે છે કે ચાહકો ૨૫ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર દરમિયાન નેટફ્લિક્સ પર રિતિક રોશન, જુનિયર એનટીઆર અને કિયારા અડવાણી અભિનીત એક્શન થ્રિલર ફિલ્મ જોવાની અપેક્ષા રાખી શકે છે.વોર ૨ એ કબીર (ઋત્વિક રોશન) ની વાર્તા છે, જે એક ભૂતપૂર્વ ટોચના રો એજન્ટ છે જે ગુંડા બની ગયો છે અને ભારત સરકાર દ્વારા તેને વોન્ટેડ છે. કુશળ પરંતુ સ્વાર્થી મેજર વિક્રમ (જુનિયર એનટીઆર) ને કબીરને રોકવાનું મુશ્કેલ કાર્ય સોંપવામાં આવ્યું છે, જેની સાથે તે એક પીડાદાયક ભૂતકાળ શેર કરે છે. કર્નલ લુથરાની (આશુતોષ રાણા) પુત્રી કાવ્યા (કિયારા અડવાણી) પણ કબીર સાથે ભૂતકાળ શેર કરે છે, જે ૧૫ વર્ષ પહેલા તેની સાથે રોમેન્ટિક રીતે સંકળાયેલી હતી.

# દિવાળી આસપાસ વિક્કી-કેટના ઘરે કિલકારી ગુંજશે, એક્ટ્રેસની લાંબી મેટરનિટી લીવ પર જવાની ચર્ચા

## ૩ વર્ષ પહેલાં સોશિયલ મીડિયામાં કેટરિના કૈફનો મુંબઈ એરપોર્ટનો એક વીડિયો વાઇરલ થયો હતો

બોલિવૂડના સૌથી પોપ્યુલર કપલના ઘરે ટૂંક સમયમાં પારણું બંધાવાનું છે. એક્ટ્રેસ કેટરિના કૈફ અને એક્ટર વિક્કી કૌશલ ઓક્ટોબર કે નવેમ્બર મહિનામાં તેમના પહેલા બાળકને વેલકમ કરવા જઈ રહ્યાં હોવાની કપલની નજીકનાં સૂત્રોએ પુષ્ટિ કરી છે. બાળકના જન્મ બાદ માતૃત્વનો આનંદ માણવા કેટરિના લાંબી રજા પર જવાની હોવાનું ચર્ચી રહ્યું છે.કેટરિના કૈફ અને વિક્કી કૌશલના લગ્ન બાદથી જ કેટરિનાની પ્રેગ્નન્સીના સમાચારો ચર્ચામાં રહે છે. અગાઉ અનેક વખત એક્ટ્રેસ પ્રેગ્નન્ટ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. થોડા સમય પહેલાં કેટ અને વિક્કી લાંબા સમય બાદ સાથે દેખાયાં હતાં. મુંબઈ નજીક આવેલા અલીબાગ ખાતે વેકેશન માણવા માટે જઈ રહ્યાં હતાં એ સમયે એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેમાં એક્ટ્રેસે પહેરેલાં ઢીલાં કપડાં અને વિક્કીને કેટરિનાની સંભાળ રાખતો જોઈને ફેન્સમાં પ્રેગ્નન્સીની અટકળો વહેતી થઈ હતી.જોકે અહેવાલો મુજબ કપલની નજીકનાં સૂત્રોએ કેટરિનાની પ્રેગ્નન્સીના સમાચારની પુષ્ટિ આપી છે. એક અહેવાલ મુજબ, 'કપલની નજીકનાં સૂત્રોએ પુષ્ટિ આપી છે કે વિક્કી અને કેટરિના ઓક્ટોબર કે



નવેમ્બરમાં પહેલી વખત માતા-પિતા બનશે, પરંતુ તેમણે આ અંગે હજુ સુધી મગનું નામ મરી પાડ્યું નથી.સૂત્રોને ટાંકીને એમ પણ લખ્યું છે કે 'બાળકના જન્મ પછી કેટરિના લાંબી મેટરનિટી લીવ પર જવાની છે, તે તેના બાળકનો જાતે ઉછેર કરવા માગે છે.'નોંધનીય છે કે થોડા મહિના પહેલાં એક રેડિટ પોસ્ટ વાઈરલ થઈ હતી. આ પોસ્ટમાં વિક્કી અને કેટરિનાનો ફોટો અને બાળકનાં પગલાંનો ગ્રાફિક ફોટો જોવા મળ્યો હતો, જેની કેપ્શનમાં લખ્યું હતું કે '૨૦૨૫માં અમે ત્રણ વ્યક્તિનો પરિવાર બનીશું.' પોસ્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે બાળકનો જન્મ ઓક્ટોબર કે નવેમ્બર ૨૦૨૫માં થશે.



મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઇફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે

# 'બે વર્ષમાં ભલે કોઈ ફિલ્મ ન આવી હોય, પણ હું સૌથી વધુ ખુશ છું'

એવું લાગે છે કે સમંથા રુથ પ્રભુને રોગપ્રતિકારક શક્તિને લગતી બીમારી માયસોટાઈસે વધુ મજબૂત બનવામાં મદદ કરી છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યૂમાં પોતાની શારિરીક તકલીફો અને કૅરિઅર પ્રત્યે દૃષ્ટિકોણ વિશે વાત કરી હતી. મંગળવારે તે ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશનના દિલ્હી ખાતે યોજાયેલા ૫૨મા નેશનલ મેનેજમેન્ટ કન્વેન્શનમાં હાજર રહી હતી. સમંથાએ કહ્યું કે હવે તે આ રેસનો ભાગ બનવા માગતી નથી અને તેને કોઈ ફિલ્મ જીતી જવાની ઈચ્છા નથી. આ અંગે તેણે કહ્યું, "મારા આ પહેલાના અવતારની વર્ષમાં પાંચ ફિલ્મ રિલીઝ થતી હતી, કારણ કે ત્યારે એક સફળ કલાકારની એ જ નિશાની હતી. એક બ્લોક બસ્ટર હોવી જોઈએ અને તમે ટોપ ૧૦ એક્ટર્સના લિસ્ટમાં હોવા જોઈએ. તે સિવાય મોટી મલ્ટિનેશનલ બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ પણ કરવું પડતું હતું. બે વર્ષથી મારી એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી, હું કોઈ ટોપ લિસ્ટમાં પણ નથી. મેં ૧૦૦ કરોડની ફિલ્મ કરી નથી, પરંતુ હું અત્યારે સૌથી વધુ



ખુશ છું."આગળ સમંથાએ કહ્યું કે પહેલાં તેને ડર લાગતો હતો. તેણે કહ્યું, "હું એટલી નાજુક હતી. દરેક શુક્રવારે હું બદલાઈ જતી અને મને ચિંતા થઈ આવતી, કે કાલે કોઈ મારી જગ્યા લઈ લેશે તો, મારી ફિલ્મ કોઈ બીજાને મળી જશે. મારું સમગ્ર જીવન જ મારાં પોતાનાં મુલ્ય અને શુક્રવારની ગણતરીઓ પર નિર્ભર થઈ ગયું હતું."સમંથાએ પોતાના જીવનમાં પરિવર્તન લાવવા ઘણા પ્રયત્ન કર્યા છે. તેણે કહ્યું, "મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઈફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે. મારી પોડકાસ્ટમાંથી તેમને મારી હેલ્થ વિષે પણ જાણવા મળે છે.

### 'તુ મેરી મૈં તેરા મૈં તેરા તુ મેરી' હવે ૩૧ ડિસેમ્બરે રિલીઝ થશે

# કાર્તિક -અનન્યાની લવસ્ટોરી આલિયાની આલ્ફા અને અવતારને ટક્કર આપી શકશે?

## છેલ્લાં કેટલાંક વર્ષોમાં ક્રિસમસ અને ક્રસમસ પહેલાંના દિવસો કોઈ પણ ફિલ્મ માટે બોક્સ ઓફિસ પર ઘણા મહત્વના સાબિત થયા છે

કાર્તિક આર્યનનું વર્ષ ૨૦૨૪ જોરદાર રહ્યું છે અને તેની 'ભૂલભુલૈયા ૩' સુપર હિટ રહી છે. પહેલાં એવી ચર્ચા હતી કે આ ફિલ્મ ૨૦૨૫ પર રિલીઝ થઈ શકશે નહીં. અનુરાગ બાસુની મ્યુઝિકલ લવસ્ટોરી દિવાળી ૨૦૨૫માં રિલીઝ થવાને બદલે ૨૦૨૬ની શરૂઆતમાં રિલીઝ થવાની ચર્ચા હતી. પરંતુ સોમવારે ધર્મા પ્રોડક્શન્સ દ્વારા અચાનક જાહેરાત કરી દેવામાં આવી છે કે 'તુ મેરી મૈં તેરા મૈં તેરા તુ મેરી' આ વર્ષમા છેલ્લા દિવસે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે રિલીઝ થશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ક્રિસમસ અને ક્રસમસ પહેલાંના દિવસો કોઈ પણ ફિલ્મ માટે બોક્સ ઓફિસ પર ઘણા મહત્વના સાબિત થયા છે. ખાસ તો હવે આ ફિલ્મ માટે નવા વર્ષનો છેલ્લો દિવસ પણ ખાસ બની જશે, કારણ કે એ વીકેન્ડમાં આવે છે અને ફિલ્મની ટીમ માટે આ વીકેન્ડ જેકપોટ સમાન રહ્યો છે. આ વર્ષે ૩૧ ડિસેમ્બર બુધવારે આવે છે. સામાન્ય રીતે ૩૧ ડિસેમ્બરે મોટા ભાગની ઓફિસ સાંજે ૩-૪ વાગ્યે બંધ થઈ જતી હોય છે, લોકો વર્ષના અંતિમ દિવસે વહેલાં કામ પતાવીને વહેલા નીકળવાના મૂડમાં હોય છે.જ્યારે ૧ જાન્યુઆરીને દિવસે જાહેર રજા હોય છે. આ પહેલાં આ રીતે રિલીઝ થયેલી ફિલ્મનો ટ્રેક રેકોર્ડ ઘણો સારો રહ્યો છે. ૨૦૧૪માં 'પીકે'ને ૧ જાન્યુઆરીએ તેના આગળના દિવસ કરતા ૫૫ ટકા વધુ કમાણી થઈ હતી. ૨૦૧૬માં 'દંગલ'ની કમાણીમાં ૩૯ ટકા વધારો થયો હતો. ૨૦૧૮માં 'સિમ્બા'એ ૧ જાન્યુઆરીએ ૩૩ટકાના વધારા સાથે ૨૮.૧૯ કરોડની કમાણી કરી હતી, જ્યારે 'અવતાર-ધ વે ઓફ વોટર'ની ૨૦૨૨માં ૫૨ ટકા વધારા સાથે ૧૭.૯૭કરોડની કમાણી થઈ હતી. આમ મોટાભાગે ક્રિસમસથી ૧ જાન્યુઆરી સુધીના દિવસો બોક્સ ઓફિસ પર તગડી કમાણીની દિવસો ગણાય છે. જોકે, ૨ જાન્યુઆરીએ તેમાં તરત જ ઘટાડો પણ નોંધાય છે. પરંતુ ૨૦૨૬માં ૨ જાન્યુઆરીએ શુક્રવાર છે, પછી ફરી શનિ-રવિની રજાઓ છે. તે જોતાં અનેક લોકો ૪-૫ દિવસના લાંબા વીકેન્ડનો લાભ ઉઠાવે એવો માહોલ હોય. તેથી મેકર્સને એવી આશા છે કે, તેઓ શુક્રવારે થોડી સ્થિર કમાણી પછી શનિ-રવિમાં ફરી ઉછાળો જોઈ શકશે. ટૂંકમાં 'મેં તેરી તું મેરા તું મેરી મેં તેરા' સૌથી વધુ નફો મેળવી શકાય એવા વીકેન્ડ પર રિલીઝ થઈ રહી છે. તેથી જો દર્શકોને ફિલ્મ ગમી ગઈ તો, બોક્સ ઓફિસ પર ઘણી સારી કમાણી થઈ શકે એવી તક છે. જોકે, આ ફિલ્મની સફર બિલકુલ સરળ હશે એવું પણ નથી, કારણ કે યશરાજ ફિલ્મ્સની વધુ એક સ્પાય ફલ્મ 'આલ્ફા' ૨૫ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે, આ ફિલ્મના માત્ર ૬ દિવસ પહેલાં. આ ફિલ્મમાં શર્વરી અને આલિયા ભટ્ટનો સ્ટાર પાવર છે, તેથી યશરાજ ફિલ્મ્સને પણ 'વૉર ૨'ની નિષ્ફળતા પછી આ સ્પાય યુનિવર્સની ફિલ્મથી કમાણી કરી લેવાની અપેક્ષા છે.



# 'સની સંસ્કારી કી તુલસી કુમારી'નું ટ્રેલર રિલીઝ

## 'પ્યાર તો હોના હી થા'ની કોપી! ટ્રેલરમાં કોમેડી, રોમાંસ અને કન્ફ્યુઝનનો સમાવેશ થાય છે

કરણ જોહર ફરી એકવાર ફેમિલી ઓડિયન્સ માટે એક નવી મનોરંજક ફિલ્મ લઈને આવ્યો છે. તેની નવી ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' ટૂંક સમયમાં આવી રહી છે જેમાં વરુણ ધવન, જાહ્નવી કપૂર, રોહિત સરાફ અને સાન્યા મલ્હોત્રા જેવા કલાકારો છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે.વરુણ-જાહ્નવીની નવી ફિલ્મનું ટ્રેલર કેવું છે? 'સની સંસ્કાર કી તુલસી કુમારી'નું ટ્રેલર એક સામાન્ય પારિવારિક મનોરંજક ફિલ્મ જેવું લાગે છે. જેમાં રોમાંસની સાથે કોમેડીનો પણ સમાવેશ થાય છે. ફિલ્મની સ્ટોરી સાથે જોડાયેલા કેટલાક સંકેતો પણ તેમાં જોવા મળ્યા હતા. વરુણ ધવનનું પાત્ર સાન્યા મલ્હોત્રાને પ્રેમ કરે છે, પરંતુ તે રોહિત સરાફ સાથે લગ્ન કરશે, જે ખરેખર જાહ્નવી કપૂરના પાત્રનો એક્સ બોયફ્રેન્ડ છે. વરુણ અને જાહ્નવી બંને તેના પ્રેમીના લગ્નથી નારાજ છે.નવો વળાંક ત્યારે આવે છે જ્યારે વરુણ જાહ્નવીને કહે છે કે



તેની એક્સ અને જાહ્નવીનો એક્સ લગ્ન કરી રહ્યા છે. બંને પોતાના તૂટેલા દિલ સાથે નજીક આવે છે અને સાથે મળીને પોતાના જૂના પ્રેમને પાછો મેળવવાનો પ્લાન બનાવે છે. તેઓ પોતાના દેખાવ બદલી નાખે છે અને એકબીજાના બોયફ્રેડ-ગર્લફ્રેન્ડ હોવાનો ડોળ કરવાનું શરૂ કરે છે. અહીંથી સ્ટોરીમાં હળવી કોમેડી, રોમાંસ અને ઈમોશન ટ્રેક આવે છે. બંને સાથે મળીને સોશિયલ મીડિયા પર રોમેન્ટિક રીલ્સ બનાવે છે, ફરવા જાય છે અને એકબીજાને પ્રેમ કરે છે તેવું નાટક કરે છે. મનીષ પોલની વેડિંગ પ્લાનર તરીકે એન્ટ્રી થાય છે અને ફિલ્મમાં કોમેડી પણ ભરપૂર લાગી રહી છે.'પ્યાર તો હોના હી થા'ની કોપી! ટ્રેલરમાં કોમેડી, રોમાંસ અને કન્ફયુઝનનો સમાવેશ થાય છે. ટ્રેલરમાં અન્ય બોલિવૂડ ફિલ્મોના ઘણા સંદર્ભો પણ સામેલ છે, જેમાં વરુણ તેના પિતા ડેવિડ ધવનની ફિલ્મ રાજા બાબુનો ઉપયોગ કરીને એક ચોક્કસ સીનમાં એક ફની રોમેન્ટિક બોલી રહ્યો છે. ઉપરાંત ફેન્સનું ધ્યાન ચોક્કસ કાજોલ અને અજય દેવગણની ફિલ્મ 'પ્યાર તો હોના હી થા' સાથે પણ મેચ થાય છે, જે ફ્રેન્ચ ફિલ્મ 'કિસ'ની રિમેક છે.

# વિદેશી દારૂ વેચતા બુટલેગરો પર ઝાલોદ પોલીસની લાલ આંખ : ૭૮,૭૦,૨૦૩નો વિદેશી દારૂ સાથે બે વ્યક્તિની અટકાયત કરી

## ૧,૦૩,૮૦,૨૦૩ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે કબ્જે લીધો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।
આગામી દિવસોમાં નવરાત્રી તેમજ દિવાળીના પર્વ નજીક આવી રહેલ છે જેને લઈ પોતાના ફાયદા માટે વિદેશી દારૂ વેચતા બુટલેગરો પોતાની તગડી કમાણી કરવા માટે વિદેશી દારૂનો જથ્થો ભેગો કરી રહેલ હોવાની બાતમીના આધારે દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા દ્વારા દાહોદ જિલ્લાની તમામ ચેક પોસ્ટ પર એલર્ટ રહી શંકાસ્પદ લાગતા આવતા જતા વાહનો ચેક કરવા સૂચન આપેલ છે તેને લઈ ઝાલોદ ડીવીઝનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા તમામ ચેક પોસ્ટ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી સતત બુટલેગરો પર નજર રાખી રહેલ છે. ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ રવિ ગામીત પોલિસ સ્ટાફ સાથે રાખી ધાવડીયા ચેક પોસ્ટ પર ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા બુટલેગરો પર બાજ નજર રાખી કડક રાહે નાકાબંધી કરી શંકાસ્પદ લાગતા વાહનોનુ ચેકિંગ હાથ ધરેલ હતું.

વાહન ચેકીંગ દરમિયાન ઝાલોદ પોલીસના પી.આઈ રવિ ગામીત દ્વારા રાજસ્થાનના મોનાડુંગર તરફ થી આવતી અશોક લેલન ટ્રક ઈન્ન-૦૯-ચ્છ-૫૬૬૨ નંબરના ટ્રક ચાલકને ઉભો રાખી ટ્રક ચેક કર્યો હતો. પહેલી નજર જોતા ટ્રકની અંદર બટાકાના કટ્ટા હોવાનું જણાઈ આવેલ હતું. પોલિસ દ્વારા બટાકાના કટ્ટા હટાવી ચેક કરતા પોલિસ ચોંકી ઉઠી હતી. પોલિસને બટાકાની આડમાં ગુજરાતમા મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો લઈ જતા હોવાનું જાણવા મળેલ હતું તેની આધારે પોલિસ દ્વારા ટ્રકના ડ્રાઈવર અને તેના સાથેના અન્ય ઈસમની અટકાયત કરી હતી. ઝડપાયેલ ઈસમ ગણેશ ભેરુલાલ ભીલ ( માલ) અને દેવેન્દ્ર પ્રકાશચંદ્ર સાલ્વી ( રહે.તા. કુંવારીયા, જી.રાજસમંદ ,રાજસ્થાન) ની વધુ પૂછપરછ હાથ ધરેલ હતી. પૂછપરછ દરમિયાન આ વિદેશી દારૂ રતનલાલ કુમાવત ( રહે.ગોવાળીયા ,તા.સરદારગઢ, જી.રાજસમંદ) એ ભરી આપેલ હોવાની કબૂલાત કરેલ હતી અને આ વિદેશી દારૂ રાજકોટ ખાતે પહોંચાડવાનો હતો તેવું જણાવેલ હતી. ઝાલોદ પોલિસ દ્વારા ટ્રક માંથી ઈંગ્લીશ દારૂની ૮૦૩ પેટીઓ, જેમાં ૨૩,૭૪૮ નંગ વિદેશી દારૂની બોટલો જેની અંદાજિત કિંમત ૭૮,૭૦,૨૦૩ તેમજ વિદેશી દારૂની હેરાફેરીમા વપરાયેલ ટ્રકની કીમત ૨૫,૦૦,૦૦૦ અને બે મોબાઈલ ૧૦,૦૦૦ એમ મળી કુલ ૧,૦૩,૮૦,૨૦૩ ના મુદ્દામાલને જપ્ત કરી ચાર ઈસમો વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ટુ વ્હીલર, ફોર વ્હીલર અને ટ્રાન્સપોર્ટ તથા અન્ય વ્હીકલ વાહનોને લગતી સિરિઝનુ રીઓક્શાન તા. તા.૨૨-૦૯-૨૦૨૫ થી શરૂ

## મનપસંદ વાહન નંબર સીરીઝ મેળવવા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ

। (માહિતી) નડીઆદ, તા.૧૬ ।
પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નડીઆદ ( ખેડા) દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવે છે કે રીઓકશન ટુવ્હીલર જીજે-૦૭-એફ.ડી(FD), ફોરવ્હીલર જીજે-૦૭-ડીજે(DJ) તથા ટ્રાન્સપોર્ટ જી.જે.૦૭.ટી-.ડબલ્યુ (ઉ) અન્ય વ્હીકલ (કન્સ્ટ્રક્શન ઈક્યુપ્મેન્ટ) જી.જે.૦૭.સીડી (CD) તા.૨૨-૦૯-૨૦૨૫ થી શરૂ કરવામાં આવનાર હોઈ પસંદગી નંબર મેળવવા ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી online http:parivahan.gov.in/fancy પર online રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે. અરજદારે parivahan.gov.in વેબસાઈટ પર જવુ. વેબસાઈટ માં દર્શાવેલા ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરવું. ત્યારબાદ fancy number bokoing પર ક્લિક કરવું. જેમાં પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. આઈ.ડી.બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરવું. પસંદગીનો નંબર સિલેકટેડ કરી દર્શાવેલી ઓછાંમાં ઓછી ફી ભરી દેવી. ઓનલાઈન ફી ભર્યા બાદ બિડિંગ એટલેકે હરાજીમાં ભાગ લેવો. હરાજીમાં નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ માથી એપ્રૂઅલ લઈ નંબર લઈ લેવો. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે. ટુ વ્હીલર સીરિઝ GJ07FDનું ઓનલાઈન રીઓકશન થશે. ફોર વ્હીલર સીરિઝ GJ07DJનું ઓનલાઈન રીઓકશન થશે. ટ્રાન્સપોટ સીરિઝ GJ07TWનું ઓનલાઈન રીઓકશન થશે. અન્ય (કન્સ્ટ્રક્શન ઈક્યુપ્મેન્ટ) જી.જે.૦૭. સીડી (CD)નું ઓનલાઈન રીઓકશન થશે. રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો સમયગાળો તા૨૨-૦૯-૨૦૨૫, બપોરે ૦૪:૦૦ કલાક થી તા. ૨૪-૦૯-૨૦૨૫ને બપોરે ૦૩:૫૯:૫૯ કલાક સુધી અને ઓક્શન પ્રક્રિયાનો સમયગાળો તા. ૨૪-૦૯-૨૦૨૫ને બપોરે ૦૪:૦૦ કલાકથી ૨૬-૦૯-૨૦૨૫, બપોર ૦૪:૦૦ કલાક મુજબ રહેશે. વાહનની વેચાણ તારીખ અને વીમા તારીખ તે બે માંથી જે વહેલુ હોય તે તારીખથી ૭ દિવસ ની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન કરેલ હોવું ફરજિયાત છે. તે અરજદારો પસંદગીના નંબર માટે ૬૦ દિવસ સુધી ઈ-ઓકશનમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. ઉપરોકત પધ્ધતિની સંબંધકર્તા વાહન માલિકોએ નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નડિયાદ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# ઝાલોદ સિંધી સમાજની અનોખી અને સુંદર પહેલ : સિંધી શિક્ષા કેન્દ્ર ખોલવામાં આવ્યું

## સિંધી સમાજની વિલુપ્ત થતી ભાષાને પ્રાધાન્ય આપવા માટે નિર્ણય લેવામાં આવ્યો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।
ભારત દેશમાં હજારો બોલી સાથે સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. ભારત દેશમાં દરેક ધર્મ, સમાજ અને ભાષાની એક આગવી ઓળખ છે. ભારત દેશમાં દરેક સમાજના લોકો વ્યાપારિક રીતે કામગીરી કરવા માટે અલગ અલગ રાજ્યો, જિલ્લા તેમજ ગામમાં જઈ પોતાના રોજગાર લક્ષી કામગીરી કરવા લાગ્યા. જેથી જે તે સમાજના લોકોએ જ્યાં વસવાટ કર્યો હોય ત્યાંની માતૃભાષા અને જે તે વિસ્તારોની લોકલ ભાષાને પ્રાધાન્ય આપવા લાગ્યા જેથી અલગ અલગ સમાજના દરેક લોકો પોતાની મૂળભૂત ભાષા ધીરે ધીરે ભૂલવા લાગ્યા અને જે તે મૂળ સમાજ અને તેને લગતી ભાષા ભુલાતા જે તે સમાજની મૂળ પોતાની આગવી ઓળખ જે હતી તે ભૂલાવા લાગી. આ સંદર્ભે ઝાલોદ નગર સિંધી સમાજ પોતાના સમાજની ઓળખ, સંસ્કૃતિ તેમજ ભાષાને બચાવવા માટે સિંધી શિક્ષા કેન્દ્રની શરૂઆત કરવાની એક આગવી પહેલ કરેલ છે. ઝાલોદ નગરમાં રહેતા સિંધી સમાજ દ્વારા ૧૫-૦૯-૨૦૨૫ ના રોજ ઝૂલેલાલ મંદિરે એક કારોબારી મીટિંગ યોજાઈ હતી. આ મીટીંગમાં દિપ પ્રજ્વલિત અને પ્રાર્થના કરી મીટિંગની શરૂઆત કરવામાં આવી હતી. આજની મહત્વપૂર્ણ મીટીંગમાં સિંધી સમાજ પોતાની મૂળ ઓળખ, સામાજિક રહેણી કરણી, ભાષાને મહત્વ આપવા માટેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેને લઈ સિંધી સમાજ દ્વારા સમાજની સર્વ સંમતિ થી સિંધી ભાષા માટે સિંધી શિક્ષા કેન્દ્ર ખોલવા માટે સંમતિ આપી હતી. સમાજની આગવી ઓળખ અને ભાષા વિલુપ્ત ન થાય તે માટે આ શિક્ષા કેન્દ્ર નેહાબેન મેરવાની દ્વારા અઠવાડિયામા બે દિવસ શનિવાર અને રવિવારના રોજ તેનું સંચાલન કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. આ શિક્ષા કેન્દ્રમા સિંધી ભાષા અને તેના મહત્વ વિશે શિક્ષા આપવામાં આવનાર છે અને સમાજ દ્વારા સિંધી શિક્ષા કેન્દ્રમા શિક્ષાની ત્રિમાસિક પરીક્ષા પણ લેવામાં આવનાર છે. આજની મહત્વપૂર્ણ મીટીંગમાં સિંધી સમાજના પ્રમુખ પ્રેમકુમાર મેરવાની તેમજ યુવા પ્રમુખ દુર્ગેશ ઠક્કર અને તમારા કારોબારી સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

# ઝાલોદ તાલુકાના ટાઢાગોળા અને શારદા ગામે ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે ડીમાર્કેશન કરાયું





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।
ઝાલોદ તાલુકાના ટાઢાગોળા અને શારદા ગામે એરપોર્ટ સર્વે કરેલ છે તે વિસ્તારમાં આજરોજ ૧૬-૦૯-૨૦૨૫ ના રોજ જંગલ ખાતાની જમીનનુ ડીમાર્કેશન પ્રક્રિયા જમીન માપણી અધિકારી, પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. આજરોજ ટાઢાગોળા અને શારદા ગામે ડીમાર્કેશન હાથ ધરવામાં આવતા મોટા પ્રમાણમાં આજુબાજુના વિસ્તારના અસરગ્રસ્ત ( જેમની જમીનો એરપોર્ટ માપણીમા જશે તેવો ભય છે તે ) અને ખેડૂત આગેવાનો ડીમાર્કેશન થનાર છે તે સ્થળે મોટા પ્રમાણમાં ખેડૂતો પહોંચી ગયેલ હતા. હાલ જાણવા મળેલ સૂત્રો મુજબ ડોમેસ્ટિક એરપોર્ટ માટે ૧૧૨ હેક્ટર જંગલ ખાતાની જગ્યા અને સરકારી ૨૮ હેક્ટર પડતર જમીનની જગ્યાનું ડીમાર્કેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. ટાઢાગોળા ગામે ઝાલોદ ડિવિઝનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ, પી.આઈ ,પી.એસ.આઇ સહિત ૨૫૦ કરતા વધુ પોલિસ સ્ટાફનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો. આજના ડીમાર્કેશનની કામગીરી શાંત વાતાવરણ વચ્ચે પુરી કરવામાં આવેલ હતી. જ્યાં એરપોર્ટ બનનાર છે તે વિસ્તારના ખેડૂતો હજુ પણ પોતાની જમીનોને લઈ અસમંજસમા જોવા મળે છે. તેમજ ઉપસ્થિત ખેડૂતોએ જણાવેલ હતું આ વિસ્તારમાં જ્યાં પાયાની સુવિધાઓ પણ પૂરી નથી મળતી તે વિસ્તારમાં એરપોર્ટ બનતા આ વિસ્તારનો વિકાસ નહીં પરંતુ ખેડૂતોનો વિનાશ થશે. તેમજ ઉપસ્થિત લોકો દ્વારા જાણવા મળેલ માહિતી મુજબ આગામી સમયમાં દરેક રાજકીય આગેવાનો સાથે બેસી ખેડૂત આગેવાનો અને પીડિત ખેડૂતો દ્વારા મીટિંગ કરવામાં આવનાર છે અને ત્યારબાદ આગળ શું કરવું છે તેની વ્યૂહરચના બનાવવામાં આવનાર છે. હાલતો આ વિસ્તારમાં વસતા આદિવાસી સમાજના ખેડૂતો જેવોનો જીવન નિર્વાહ માટેનો એક માત્ર આધાર ખેતી છે અને જો જમીન છીનવાઈ જશે તો શું કરશે તેની દુવિધામા છે.

# અંબાજી તીર્થધામ ખાતે પ્રકૃતિ સંવર્ધન પ્રત્યે જાગૃતિ લાવવાનો અનોખો પ્રયાસ રૂપે પ્રકૃતિ મિત્ર એવોર્ડ વિતરણ સમારોહમા બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના પંચાલ રાજેશકુમાર સુંદરલાલને એવોર્ડ આપવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।
પ્રકૃતિ મિત્ર એવોર્ડ સમારોહ : અંબાજી ખાતે યોજાયો. ગાયત્રી શક્તિપીઠ, તીર્થધામ અંબાજી તીર્થધામ ખાતે પ્રકૃતિ સંવર્ધન પ્રત્યે જાગૃતિ લાવવાનો અનોખો પ્રયાસ રૂપે પ્રકૃતિ મિત્ર એવોર્ડ વિતરણ સમારોહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનું આયોજન કે.ટી પરિવાર ખેડબ્રહ્મા, તથા રિહેજ એચ મહેતા વિદ્યાલય, ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયેલા પ્રાર્થના ગાનથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળકો દ્વારા આદિવાસી લોક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી હાજર રહેલા ૧૮૫ થી વધુ શિક્ષકો સીઆરસી ,બીઆરસી તેમજ અન્ય ક્ષેત્રમાંથી પધારેલ અધિકારીઓ તેમજ પર્યાવરણ ક્ષેત્રે સેવા આપતા પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આ પ્રસંગે ‘ પ્રકૃતિ મિત્ર એવોર્ડ’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના પંચાલ રાજેશકુમાર સુંદરલાલ ને પણ આ એવોર્ડ થી નવાજવામાં આવતા સમગ્ર પ્રેક્ષાગૃહ તાલીઓના ગડગડાટ થી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ બનાસકાંઠાના ધારાસભ્ય સાહેબ શ્રી એ પોતાના સંબોધનમાં જણાવ્યું કે “પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ” આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. આવી પ્રવૃત્તિઓ સમાજને સાચી દિશામાં પ્રેરણા આપે છે. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય અને જીવનશૈલી સંબંધી અગત્યની માહિતી આપવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ આવનારા સમયમાં પર્યાવરણ માટે વધુ કાર્ય કરવાના સંકલ્પ સાથે કાર્યક્રમ પૂર્ણ.

# ઝાલોદ નગરમાં મહારાજા અગ્રસેનજીની ૫૧૪૯માં જન્મ ઉત્સવ સમારોહમા પંચદિવસીય પ્રોગ્રામોનુ આયોજન કરાયું




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।
ઝાલોદ નગરના અગ્રવાલ સમાજ દ્વારા ગોયલ પેલેશ ખાતે મહારાજા અગ્રસેનજીની ૫૧૪૯ માં જન્મ ઉત્સવ સમારોહમા પંચદિવસીય પ્રોગ્રામોનુ આયોજન કરવામાં આવેલ છે. અગ્રવાલ સમાજના વંશ પ્રવર્તક યુગ પુરુષ એવા ૧૦૦૮ અગ્રસેન મહારાજના જન્મ ઉત્સવ નિમિતે પંચદિવસીય સમારોહ તારીખ ૧૮-૦૯-૨૦૨૫ થી ૨૨-૦૯-૨૦૨૫ સુધી વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે.

આ પંચેદિવસીય જન્મ મહોત્સવ નિમિતે ૧૮-૦૯-૨૦૨૫ ના રોજ બેડમિંટન , ખો ખો, સતોડીયા , કેરમ સ્પર્ધા, ક્રિકેટ ૧૯-૦૯-૨૦૨૫ સ્લો સાયકલીંગ, ફેશન શો, રસ્સી ખેંચ,બોરી કૂદ, નિમ્બુ ચમ્મચ, મ્યુઝિકલ ચેર ૨૦-૦૯-૨૦૨૫ શર્ટ પીસ પેકિંગ, ઠાકુર જી કા ઝુલા, ડિસ્પોઝલ સજાવટ, રૂ ની બનાવટ, નિબંધ સ્પર્ધા, નાટક ૨૧-૦૯-૨૦૨૫ હોઈ માતા માંડના, મહેંદી હરીફાઈ, પાંચ કોડીયા સજાવટ, સુણ માંડના કાચી શબ્જીની રંગોલી, વેશ ભૂષા, ડાન્સ, ગ્રૂપ ગરબા, ૨૨-૦૯-૨૦૨૫ અગ્રસેન જન્મ મહોત્સવ દિવસે ધર્મ ધ્વજા લહેરાવુ, મહારાજા અગ્રસેનની પૂજા અર્ચના ,એક મિનિટ સ્પર્ધા, ડિબેટ તેમજ વર્ષ દરમ્યાન સમાજનુ નામ રોશન કર્યુ હોય તેઓનું સન્માન છેલ્લે ઈનામ વિતરણ તેમજ રાજસ્થાની પહેરવેશમા શોભાયાત્રા તેમજ મહાપ્રસાદ જેવા સુંદર પ્રોગ્રામોનુ આયોજન ઝાલોદ અગ્રવાલ સેવા સંઘ દ્વારા કરવામાં આવેલ છે

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવશે

। (માહિતી) નડીઆદ, તા.૧૬ ।
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરવામાં આવશે. જે અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા વિકસિત ભારત @૨૦૪૭ અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાન ચલાવવામાં આવશે. ૮ મા પોષણમાહ સાથે આ અભિયાન જોડાયેલું છે. સહી પોષણ દેશ રોશન અભિયાનને પન આ સાથે વધુ વેગ મળશે જેના ભાગરૂપે ખેડા જિલ્લામાં પણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારના માર્ગદર્શન હેઠળ;સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. માનવ જીવનમાં આરોગ્યને સાચવવાના અભિગમમાં મહિલાનું યોગદાન કેન્દ્ર સ્થાને હોય જેમાં નાગરિકોના સ્વાસ્થ્ય માટે વિવિધ નિઃશુલ્ક તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવશે. શિબિરોમાં મુખ્ય આરોગ્ય સેવાઓમાં મહિલાઓ માટે આરોગ્ય સ્ક્રીનિંગ, હાઈપરટેન્શન, ડાયાબિટીસ, સ્તન કેન્સર, મુખ કેન્સર અને સર્વાઈકલ કેન્સર, કિશોરીઓ અને મહિલાઓ માટે એનિમિયા ચકાસણી અને કાઉન્સેલિંગ , ટી.બી. તથા સિકલ સેલ રોગ માટે નિદાન અને કાઉન્સેલિંગ, પ્રસૂતિ પૂર્વ તપાસ (ANC), મમતા કાર્ડ વિતરણ અને રસીકરણ સેવાઓ, કિશોરીઓમાં માસિક સ્રાવ સ્વચ્છતા, પોષણ અને આરોગ્યજીવન શૈલી અંગે જાગૃતિ કાર્યક્રમો, “નિક્ષય મિત્ર” નોંધણી ઝુંબેશ – ટીબી દર્દીઓ માટે સહાયકોની ભાગીદારી, સ્વૈચ્છિક રક્તદાન શિબિરો સહિતનું આયોજન કરવામાં આવ્યું છે.

# સાબરમતી-જોધપુર એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે

। રેલ્વે - અમદાવાદ, તા.૧૬ ।
પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર મહેસાણા-પાલનપુર સેક્શનમાં ધારેવાડા-છપ્પી સ્ટેશનો વચ્ચે એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવાના કારણે, સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:-

● ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ સાબરમતી અને આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

● ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ અને સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, રૂટ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. શેર-સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે પણ લાંબા ગાળે નુકસાન પણ કરાવી શકે છે તેથી સાવચેત રહેવું. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે નિરાશા અને ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે.પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો. સારા મિત્રો ખજાના જેવા હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**કર્ક (ડ,હ) :**
આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. મહિલા સહકર્મચારીઓનો સારો સહકાર મળશે તથા તમારા અધૂરાં કામ પૂરાં કરવામાં મદદ કરશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.

**સિંહ (મ,ટ) :**
હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે। તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. તમેએવી કોઈક મોટા બાબતનો હિસ્સો બનશો જે તમને સરાહના તથા વળતર બંને મેળવી આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**તુલા (ર,ત) :**
આજથી જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. ગ્રહ નક્ષત્રોની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ। સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**ધન (ભ,ધ,ફ) :**
જીવનમાં તમે જેમ છો તેમ જ રહેજો ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજે તમારા માતા પિતામાં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવી પડશે। સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો.

**મકર (ખ,જ) :**
આજે સવારથી જ તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

## ન્યુઝ બોક્ષ

### આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ટ્રેનની મુસાફરી કરવા માટે એડવાન્સમાં એટલે કે ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવનારાઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભારતીય રેલવેએ ટિકિટ બુકિંગમાં થતી ગેરરીતિઓને અટકાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. આ મુજબ આગામી મહિનાની પહેલી તારીખથી ઓનલાઈન ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મહત્ત્વનો ફેરફાર થવા જઈ રહ્યો છે. પહેલી ઓક્ટોબરથી લાગુ થનાર નવા નિયમ મુજબ રિઝર્વેશન ખુલ્યાની શરૂઆતની ૧૫ મિનિટમાં માત્ર આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે. એટલે કે આ દરમિયાન જેનું આધાર વેરિફિકેશન થયેલું હશે તેઓને જ ૧૫ મિનિટમાં તેનો લાભ મળશે. આ નિયમ IRCTCની વેબસાઈટ અને મોબાઈલ એપ બંને પર લાગુ થશે. અત્યાર સુધી આવો નિયમ માત્ર તત્કાલ બુકિંગ પર લાગુ હતો, જોકે હવે સામાન્ય રિઝર્વ ટિકિટ પર પણ લાગુ થશે. રેલવેનો ઉદ્દેશ્ય ટિકિટ રિઝર્વેશન સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો અને જરૂરિયાતવાળા મુસાફરોને પ્રાથમિકતા આપવાનો છે. આ નિર્ણયથી ટિકિટ મેળવવાનો પ્રયાસ કરનારા મુસાફરોને સીધો ફાયદો થશે.

### પંત પગની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને તેનું પ્લાસ્ટર દૂર કરાયું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતના વિકેટકીપર-બેટ્સમેન રિષભ પંતે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પગમાં થયેલી ઈજામાંથી સ્વસ્થ થવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ESPNCricinfoના અહેવાલ મુજબ, પંતના પગ પરથી પ્લાસ્ટર હટાવવામાં આવ્યું છે અને તે હવે આરામથી ચાલી શકે છે. ૨૭ વર્ષીય પંત ટૂંક સમયમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેન્ટર ઓફ એક્સેલન્સ જશે, જ્યાં તે રિહેબના ભાગરૂપે હળવી પ્રેક્ટિસ શરૂ કરશે. પંતને માન્ચેસ્ટરમાં ઓલ્ડ ટ્રેફોર્ડ ટેસ્ટના પહેલા દિવસે આ ઈજા થઈ હતી જ્યારે તેણે ક્રિસ વોક્સ સામે રિવર્સ સ્વીપ શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. બોલ વાગવાથી તેને મેદાન છોડવું પડ્યું હતું અને બાદમાં તે કંટ્રોલ્ડ એક્કલ મોશન (CAM) બુટમાં જોવા મળ્યો હતો. આમ છતાં, તે બીજા દિવસે પાછો ફર્યો.

### નેપાળમાં વચગાળાનાં વડાં પ્રધાને હિંસામાં માર્યા ગયેલા લોકોને 'શહીદ' જાહેર કર્યા



। (એજન્સી) કાઠમાંડૂ, તા.૧૬ ।

નેપાળમાં ભ્રષ્ટાચાર અને આર્થિક અસમાનતાની સામે ભડકેલી હિંસામાં હમણા સુધી ૭૨ લોકોના મોત થયા છે. એમાં ૫૯ દેખાવકારો, ત્રણ પોલીસ કર્મી અને ૧૦ કેદી સામેલ છે. કેદીઓ જેલમાંથી ભાગવાની કોશિશ કરી રહ્યા હતા, ત્યારે થયેલા ગોળીબારમાં તેમના મોત થયા હતા. આ સાથે વડાપ્રધાન સુશીલા કાર્કીએ સ્પષ્ટતા કરી હતી કે તોડફોડ અને હિંસામાં સામેલ લોકો સામે તપાસ કરાવાશે અને જવાબદાર લોકોની સામે કાર્યવાહી કરાશે. આ વચગાળાની સરકાર ફક્ત છ મહિના માટે છે અને તેમનો હેતુ સત્તાનો સ્વાદ લેવાનો નથી, પરંતુ પરિસ્થિતિ સામાન્ય કરવાનો છે. સરકારનું ધ્યાન ફક્ત ભ્રષ્ટાચારની તપાસ, વ્યવસ્થા સુધારવી અને લોકોને વિશ્વાસ કાયમ કરવાનો છે.આ દરમિયાન, બગડેલી સ્થિતિ વચ્ચે દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન સુશીલા કાર્કીએ જાહેરાત કરી છે કે આ ઘટનામાં મૃતકોને શહીદનો દરજ્જો આપવામાં આવશે અને તેમના પરિવારજનોને રૂ. ૧૦ લાખનું આર્થિક વળતર અપાશે.

### આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા

# વનતારા કાયદાનું પાલન કરે છે, તેને કલંકિત ન કરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે ૨૫ ઓગસ્ટના રોજ જામનગર સ્થિત વનતારા પ્રાણી પુનર્વસન કેન્દ્ર સામે ઉઠેલા ગંભીર આક્ષેપોની તપાસ કરવાના હેતુથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (જીૈ)ની રચના કરી હતી. વનતારા સામેના આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા. જો કે, એસઆઈટી રિપોર્ટ આવતા જ સુપ્રીમ કોર્ટે આ તમામ આરોપો ફગાવીને વનતારાને ક્લિનચિટ આપી છે. એટલું જ નહીં, આ આક્ષેપો કરનારાની પણ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ પ્રસન્ના વરાલેની બેન્ચે ઝાટકણી કાઢી હતી. વનતારા સામે પશુ-પક્ષીઓની ગેરકાયદે હેરાફેરી તેમજ હાથીઓને ગેરકાયદે રીતે ગોંધી





રાખવાના આરોપ સામે તપાસની માગ કરાઈ હતી. જો કે, વનતારા સામે વિવિધ ફરિયાદો બાદ હાથ ધરાયેલી તપાસમાં જીૈ એ તમામ મુદ્દાની વિગતવાર સમીક્ષા કરી હતી. આ તપાસને અંતે રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે, વનતારામાં કોઈપણ પ્રાણીઓને ગેરકાયદે લવાયા નથી, તેમની સાથે દુર્વ્યવહાર કરાતો નથી અને તેઓ સામે ભ્રષ્ટાચારના પણ કોઈ પુરાવા નથી. આ ટીમે સ્પષ્ટ કર્યું છે કે, વનતારાની પ્રવૃત્તિ કાયદા અને નિયમોના કડક પાલન સાથે ચાલે છે અને તે મુખ્યત્વે પ્રાણીઓના સંરક્ષણ, બચાવ તથા પુનર્વસન માટે જ કાર્યરત છે. આ દરમિયાન જસ્ટિસ પંકજ મિત્તલ અને પ્રસન્ના વરાલેએ ઓછા સમયમાં રિપોર્ટ આપનારી એસઆઈટીના વખાણ કર્યા હતા. એટલું જ નહીં, વનતારા તરફથી હાજર રહેલા સીનિયર એડવોકેટ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમે ઈચ્છીએ છીએ કે આ રિપોર્ટ જાહેર થાય. દુનિયામાં અનેક લોકો અમારી સાથે વ્યવસાયિક હરીફાઈ કરે છે, જેથી આ મુદ્દાનો દુરુપયોગ થઈ શકે છે. જીૈનો રિપોર્ટ રજૂ થયા બાદ સોમવારે સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, વનતારા 'કાયદાનું સંપૂર્ણ પાલન કરતી' સંસ્થા છે.

#### SIT રિપોર્ટ રજૂ થયા બાદ સુપ્રીમ કોર્ટની ક્લિનચિટ

આ સુનાવણીમાં અરજદારે મંદિરના હાથીઓનો મુદ્દો ઉઠાવીને પણ વનતારા પર વિવિધ આક્ષેપ કર્યા હતા. આ અંગે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, 'તમને કેવી રીતે જાણ થઈ કે મંદિરના હાથીઓને સારી રીતે નથી રખાતા. આપણા દેશમાં અનેક બાબતો છે, જેના પર ગર્વ થઈ શકે. તેને કારણ વિનાના વિવાદોમાં ના ઢસડો. જો કોઈ હાથીઓ રાખવા ઈચ્છે છે અને નિયમોનું પાલન કરે છે, તેમાં ખોટું શું છે? નોંધનીય છે કે, આ કેસની તપાસ કરવા માટે રચાયેલી એસઆઈટીમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જે. ચેલામેશ્વર, ઉત્તરાખંડ અને તેલંગાણા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રાઘવેન્દ્ર ચૌહાણ અને મુંબઈ પૂર્વ પોલીસ કમિશનર હેમંત નાગરાલે તેમજ વરિષ્ઠ આઈઆરએસ અધિકારી અનિશ ગુપ્તા સામેલ હતા. આ દરમિયાન કોર્ટે જણાવ્યું છે કે, ભવિષ્યમાં પ્રાણીઓ સંબંધિત આ સ્થિતિ ઉપર નજર રખાશે, પરંતુ હાલ તો વનતારા કાયદાકીય અને નૈતિક ધોરણોને અનુરૂપ કાર્યરત હોવાથી તેને બદનામ ન કરવી જોઈએ.

### રજત પાટીદારે વધુ એક ટાઈટલ અપાવ્યું

# ૧૧ વર્ષ બાદ સેન્ટ્રલ ઝોને જીતી દુલીપ ટ્રોફી

### આ વર્ષની શરૂઆતમાં રજત પાટીદારે RCB માટે IPL ટ્રોફી જીતી હતી, હવે દુલીપ ટ્રોફીમાં કેપ્ટનશીપની તાકાત બતાવી છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૬ ।

સોમવારે બેંગલુરુમાં સેન્ટ્રલ ઝોને સાઉથ ઝોનને ૬ વિકેટથી હરાવ્યું અને ૧૧ વર્ષ પછી દુલીપ ટ્રોફી પર કબજો કર્યો હતો. એકંદરે આ વર્ષ રજત પાટીદાર માટે યાદગાર રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં તેણે RCB માટે IPL ટ્રોફી જીતી હતી અને હવે તેણે દુલીપ ટ્રોફીમાં પોતાની કેપ્ટનશીપની તાકાત બતાવી છે. પ્રથમ ઈનિંગમાં સદી ફટકારનાર અક્ષય વાડકર (૧૯ અણનમ, ૫૨ બોલ) અને યશ રાઠોડ (૧૩ અણનમ, ૧૬ બોલ) ક્રીઝ પર હતા ત્યારે સેન્ટ્રલે ૨૦.૩ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૬૬ રન બનાવ્યા અને દુલીપ ટ્રોફીમાં પોતાનું સાતમું ટાઈટલ જીત્યું હતું. જોકે, સાઉથને તેમના આક્રમક બીજા દાવ (૪૨૬) અને અંતિમ બોલિંગ પ્રદર્શનથી થોડી રાહત લઈ શકે છે, કારણ કે તેઓએ સેન્ટ્રલની જીતમાં વિલંબ કર્યો હતો. ડાબોડી સ્પિનર અંકિત શર્માએ દાનિશ માલેવર (૫) ને આઉટ કર્યો હતો. ત્યારબાદ શર્માએ સેન્ટ્રલના કેપ્ટન રજત પાટીદારની વિકેટ લીધી હતી. તેનો કેચ મિડ-ઓન પર મોહમ્મદ નિધિશે કર્યો હતો. રવિવારે ઈન્ડિયા એ ટીમમાં સામેલ કરવામાં આવેલા ફાસ્ટ બોલર ગુરજપનીત સિંહે શુભમ શર્મા અને સરંશ જૈન (પ્લેયર ઓફ ધ સિરીઝ) ની વિકેટ લઈને સેન્ટ્રલ કેમ્પમાં થોડી ચિંતા ફેલાવી પરંતુ પ્લેયર ઓફ ધ મેચ રાઠોડ અને વાડકરે સેન્ટ્રલને વધુ નુકસાન વિના લક્ષ્ય સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કર્યું હતું. પાટીદારનું આ વર્ષનું બીજું ટાઈટલ હતું કારણ કે તેણે અગાઉ IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને (RCB) ને જીત અપાવી હતી. મેચ પછીના પ્રેઝન્ટેશનમાં તેમણે કહ્યું હતું કે, દરેક કેપ્ટન ટ્રોફી જીતવાનું પસંદ કરે છે. પરંતુ અમારા ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખૂબ જ સારી ભાવના દર્શાવી અને હું તેનાથી ખૂબ ખુશ છું. અહીંની વિકેટ થોડી સૂકી હતી, તેથી અમે પહેલા બેટિંગ કરવાનું પસંદ કર્યું. હું દાનિશ અને યશ માટે ખુશ છું, તેઓએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર બેટિંગ કરી.

### ઈંગ્લેન્ડમાં ધમાકેદાર પરફોર્મન્સ આપ્યું હતું

# મોહમ્મદ સિરાજ ICC પ્લેયર ઓફ ધ મંથ બન્યો

। (એજન્સી) ઓવલ, તા.૧૬ ।

ઓવલ ટેસ્ટમાં ધૂઆંધાર બોલિંગથી ઈંગ્લેન્ડના બેટ્સમેનને હંફાવનારા ભારતીય ખેલાડી મોહમ્મદ સિરાજ આઈસીસી મેન્સ પ્લેયર ઓફ ધ મંથ બન્યો છે. ઓગસ્ટમાં બંને ઈનિંગમાં ૨૧.૧૧ની એવરેજ પર નવ વિકેટ ઝડપી લેનારા સિરાજે ટેસ્ટમાં ભારતને જીત અપાવવાની સાથે મેચ ડ્રો કરવામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. ફાઈનલ ટેસ્ટમાં તેણે ૫ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ એન્ડરસન તેંદુલકર ટ્રોફીમાં સિરાજે ઉમદા બોલિંગ સાથે ભારતીય ટીમને જીત બે મેચમાં જીત અપાવી હતી. કુલ પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં તેણે ૧૮૫.૩ ઓવર બોલિંગ કરી હતી. જેમાં ૨૩ વિકેટ ઝડપી હતી. સિરાજે પહેલી ઈનિંગમાં ચાર, બીજી ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપી હતી. ઓવલ ટેસ્ટમાં ૨-૨થી મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. જેમાં તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. સિરાજે આ બહુમાન બદલ સોશિયલ મીડિયા પોસ્ટ કરી આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું કે, મને ગર્વ છે કે હું કેટલાક મહત્વપૂર્ણ





સ્પેલ સાથે યોગદાન આપી શક્યો, ખાસ કરીને નિર્ણાયક ક્ષણોમાં. ઘરઆંગણાની પરિસ્થિતિમાં ટોચની બેટિંગ લાઈનઅપ સામે બોલિંગ કરવી પડકારજનક હતી, પરંતુ તેના કારણે મારી શ્રેષ્ઠતા બહાર આવી. આ એવોર્ડ મારા સાથી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફનો પણ તેટલો જ છે જેટલો મારો છે, કારણ કે તેમના સતત પ્રોત્સાહન અને વિશ્વાસે મને આગળ વધવામાં મદદ કરી. હું અથાગ પરિશ્રમ સાથે આગળ વધતો રહીશ. દર વખતે જ્યારે હું ટીમ ઈન્ડિયાની ટીશર્ટ પહેરીશ, ત્યારે મારું શ્રેષ્ઠ (પર્ફોર્મન્સ) આપીશ. હું અથાગ પરિશ્રમ સાથે આગળ વધતો રહીશ. દર વખતે જ્યારે હું ટીમ ઈન્ડિયાની ટીશર્ટ પહેરીશ, ત્યારે મારું શ્રેષ્ઠ (પર્ફોર્મન્સ) આપીશ.



ઉત્તર પ્રદેશના વારાણસીમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસની પૂર્વસંધ્યાએ, ભાજપના કાર્યકરો એક મંદિરમાં ખાસ 'હવન પૂજા' કરે છે, તેમના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

### અકસ્માતમાં મૃત્યુ પામેલા ૭ લોકોના અંતિમ સંસ્કારમાં ફરીવાર દુર્ઘટના

। (એજન્સી) જયપુર, તા.૧૬ ।

જયપુરના ભીલવાડાના શાહપુરા પંચાયત સમિતિના ફૂલિયા કલા ગામમાં આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં જયપુર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સાત લોકોના અંતિમ સંસ્કારમાં આવેલા ગ્રામજનો અને પરિવારજનો ખારી નદીમાં નહાવા ગયા હતા. આ દરમિયાન ૭ લોકો નદીના પાણીના પ્રવાહમાં તણાયા હતા. જેમાં ૩ લોકોના મોત નીપજ્યા છે. મળતી માહિતી મુજબ, જયપુરના શિવદાસ પુરામાં ગત ૧૪ સપ્ટેમ્બરે એક કાર અકસ્માતમાં એક જ પરિવારના સાત લોકોના મોત નીપજ્યું હતા. જેમાં ફૂલિયા કલા ગામના અશોક વૈષ્ણવ, તેમની પત્ની સીમા દેવી, પુત્ર રોહિત સહિત કુલ સાત લોકોના મૃત્યુ થયા હતા. આજે સોમવારે સવારે મૃતકોના અંતિમ સંસ્કાર માટે ઘાનેશ્વર રોડ સ્થિત સ્મશાન ઘાટ લઈ ગયા હતા. અંતિમ સંસ્કાર પછી, પરિવાર અને ગ્રામજનો ખારી નદી પાસે નહાવા ગયા હતા. આ દરમિયાન વિજય પ્રતાપ સિંહ (ઉં.વ.૩૦), મુકેશ ગોસ્વામી (ઉં.વ.૨૫), મહેન્દ્ર માલી (ઉં.વ.૨૫), બરડી ચંદ (ઉં.વ.૩૪), મહેશ (ઉં.વ.૩૨), રાકેશ (ઉં.વ.૨૮) અને જીવરાજ (ઉં.વ.૩૦) નદીમાં ડૂબ્યા હતા.

### ૫૫મી વખત બનાવ્યો આ રેકોર્ડ

# જાપાનમાં, એક લાખની વસ્તી ૧૦૦ વર્ષની ઉંમર વટાવી ગઈ

### કુલ વસ્તીથી તુલનાની વાત કરીએ તો ૭માંથી ૧ કર્મચારી ૬૫ વર્ષની ઉંમર પાર કરી ચૂક્યો છે

। (એજન્સી) ટોક્યો, તા.૧૬ ।

જાપાને ૫૫મી વખત વૃદ્ધોની સૌથી વધુ વસ્તીનો રેકોર્ડ બનાવ્યો છે. આશરે ૧ લાખ લોકો એવા છે જેણે ૧૦૦ વર્ષની ઉંમર પાર કરી લીધી છે. તેમાં ૮૭ હજારથી વધુ મહિલાઓ છે અને ૧૨ હજારથી વધુ પુરૂષો છે. તો કુલ ૩૬૧ લાખ લોકો એવા છે જેની ઉંમર ૬૫ વર્ષથી ઉપર છે. જાપાન સરકારથી જારી આંકડા પ્રમાણે ૯૩ લાખ લોકો એવા છે, જે નોકરી કરે છે. કુલ વસ્તીથી તુલનાની વાત કરીએ તો ૭માંથી ૧ કર્મચારી ૬૫ વર્ષની ઉંમર પાર કરી ચૂક્યો છે. તેવામાં કંપનીઓ પાસે વૃદ્ધોને સુવિધા આપવા અને કામને અનુકૂળ માહોલ તૈયાર કરવો પણ એક પડકાર છે.

આંકડા પ્રમાણે જાપાનમાં ૧૫૦ લાખ પુરૂષ અને ૨૦૫ લાખ મહિલાઓ વૃદ્ધ છે. જાપાનની એજન્સી પ્રમાણે ૨૦૪૦ સુધી જાપાનમાં વૃદ્ધોની વસ્તી



૪૦ કરોડની આસપાસ પહોંચી જશે. આ મામલામાં બીજા સ્થાને ઈટાલી છે, જ્યાં ૨૫ ટકા લોકો ૬૫ વર્ષથી ઉપરના છે. તો જર્મનીમાં ૨૩ ટકા લોકો વૃદ્ધ છે. જાપાનમાં ૧૫ સપ્ટેમ્બરે વૃદ્ધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે જાપાનના પ્રધાનમંત્રી વૃદ્ધોને સન્માનિત કરે છે. તેને ચાંદીનો ગ્લાસ અને શુભેચ્છા પત્ર આપવામાં આવે છે.

જાપાનમાં સૌથી વધુ ઉંમરની મહિલા ૧૧૪ વર્ષની છે. તો વૃદ્ધોમાં કિયોતાકા મિજુનોની ઉંમર ૧૧૧ વર્ષ છે. મહત્વનું છે કે જાપાનાં જીવનદર ૯૫ ટકા છે. દુનિયામાં સૌથી વધુ જીવતા લોકોના મામલામાં જાપાન ચોથા સ્થાને છે. તો સૌથી વધુ સ્વસ્થ દેશોની વાત આવે તો જાપાન બીજા સ્થાને છે.

તમે જાણીને ચોંકી જશો કે ૧૯૬૩ સુધી જાપાનમાં ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા માત્ર ૧૫૩ હતી. પરંતુ ત્યારબાદ સ્વાસ્થ્યને લઈ સરકારે પહેલ શરૂ કરી. લોકોને જાગૃત કર્યાં. ખાંડના ઓછા ઉપયોગ પર ભાર આપવામાં આવ્યો. જાપાનમાં વ્યાયામને મહત્વ આપવામાં આવ્યું અને ઘણી સ્કીમો ચલાવવામાં આવી. આગામી ૧૮ વર્ષમાં જાપાનમાં ૧૦૦ વર્ષથી વધુ લોકોની સંખ્યા ૧૦૦૦ને પાર કરી ગઈ. તો વર્ષ ૨૦૦૦ આવતા જાપાનમાં ૧૦ હજાર વૃદ્ધો ૧૦૦ વર્ષથી મોટી ઉંમરના થઈ ગયા હતા.

### ટેરિફના કારણે ભારત સહિત અનેક દેશો સાથે યુએસના સંબંધો વણસી રહ્યા છે

# અમેરિકા પાસેથી ભારત મકાઈની બોરી પણ ખરીદતું નથી : લ્યુટનિક

### અમેરિકાની ટેરિફ નીતિનો સ્વીકાર ન કરે તો આ દેશો માટે કપરો સમય આવશે અને વિશ્વના સૌથી મોટા ગ્રાહક સમુદાય સાથે વેપાર કરી શકશે નહીં : લ્યુટનિક

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

ટેરિફના કારણે ભારત સહિત અનેક દેશો સાથે યુએસના સંબંધો વણસી રહ્યા છે ત્યારે આ યુએસના કોમર્સ સેક્રેટરી હોવર્ડ લ્યુટનિકે ફરી એક વાર ભારત પર પ્રહાર કર્યો છે. લ્યુટનિકે એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યુ હતું કે, પોતાના દેશમાં ૧.૪ અબજ વસતી હોવાની ડંફાસો ભારત મારી રહ્યું છે, પરંતુ અમેરિકા પાસેથી એક બોરી મકાઈ પણ ખરીદતું નથી. ભારત, કેનેડા, બ્રાઝિલ જેવા દેશો યુએસના મહત્ત્વના સાથીદાર રહ્યા છે ત્યારે ટેરિફના મુદ્દે યુએસ દ્વારા મહત્ત્વના સંબંધોમાં મિસ-મેનેજમેન્ટ થઈ રહ્યું હોવાના સવાલ સંદર્ભે લ્યુટનિકે કહ્યુ હતું કે, આ સંબંધો વન-વે જેવા છે, તેઓ અમેરિકામાં સામાન વેચે છે અને લાભ લઈ રહ્યા છે. જો કે પોતાના અર્થતંત્રમાં અમેરિકાના પ્રવેશને અટકાવી રહ્યા છે. અમેરિકાએ દરવાજા ખુલ્લા રાખ્યા ત્યાં સુધી તેઓ આવ્યા અને અમેરિકાનો લાભ લીધો હતો. જો કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ન્યાયી અને રેસિપ્રોકલ ટ્રેડની વાત કરી રહ્યા છે. ભારત સંદર્ભે લ્યુટનિકે કહ્યું હતું કે, ભારત હંમેશા ૧.૪ અબજની વસતીની ડંફાસ મારે છે. આટલી બધી વસતી હોવા છતાં યુએસ મકાઈની એક બશેલ (એક બશેલમાં ૩૫.૨ લિટર વજન) પણ શા માટે ખરીદતા નથી? ભારત જેવા દેશો દરેક વસ્તુ પર ટેરિફ રાખે છે અને અમેરિકામાં બધું વેચે છે, પરંતુ અમેરિકાની મકાઈ સુદ્ધાં ખરીદતા નથી.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**(Electrical Department)**
**E-Short Tender Notice**

| | |
|---|---|
| 1. | Rate Contract For Preventive, Breakdown & Routine Maintenance including repairing servicing & overhauling of 11 K.V. H.T. Switchgears, Transformers with L.T. Electrical Equipments at Various Premises of Ahmedabad Municipal Corporation within Limit of Rs. 10.00 lacs. |
| Online Submission up to | Dt:- 29/09/2025 upto 6:00 PM |
| Last Date of Submission of Hard Copy | Dt:- 30/09/2025 upto 4:00 PM |
| Tender details available on | https://tender.nprocure.com |




जीवेत शरदः शतम्

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

## અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



## સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



## સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓક્ટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન



# સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ

## ગુજરાતની મક્કમ ગતિ